Monday 02, November 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૫૦ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રી: વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

તહેવારોની મૌસમ આવી, ઓફરોની આતશબાજી લાવી.

"સુખ - સમૃધ્ધિની હોય કોઈ પણ જરૂરીયાત, બસ MAS થી જ કરો શુભ શરૂઆત"

ટુ-વ્હીલર વસાવો 100% લોન મેળવો

યુઝ્ડ કાર વસાવો 90% સુધી લોન

કોમર્શિયલ વ્હીકલ 90% સુધી લોન

બિઝનેસ લોન 5 લાખ* થી 1 કરોડ* સુધી

તમારા ઘર અને દુકાન સામે ₹ 5 લાખ* થી 5 કરોડ* સુધી લોન મેળવો

હોમ લોન

આકર્ષક વ્યાજદર • ઝડપી પ્રોસેસિંગ • આસાન શરતો

★ સ્કીમ મુજબ, નિયમો અનુસાર

MAS FINANCIAL

Purpose Led. Progress Driven.

જે સમજે આપના અમૂલ્ય સ્વપ્નાનું મુલ્ય

વધુ માહિતી માટે હમણાં જ કોલ કરો

18002025555

વાપી હાઈવે પર જય રિસર્ચ પાસે બ્રિજનું કામ શરૂ

નાહુલી તરફ અવરજવર બનશે સુગમ, ખોટી સાઈડ ડ્રાઈવિંગથી છુટકારો મળશે : અકસ્માતોમાં ઘટાડો થશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા.૦૧ : વાપી નજીક હાઈવે પર ભીલાડ તરફ જય રિસર્ચથી આગળ નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ઓવરબ્રિજના નિર્માણનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ બ્રિજ બનવાથી નાહુલી અને દમણગંગા નદી કિનારે આવેલા ઈન્ડસ્ટ્રીયલ હબ તરફ જતા વાહનચાલકોને મોટી રાહત મળશે.

જાણવા મળ્યા મુજબ નાહુલી તરફ અનેક નાના અને મધ્યમ ઉદ્યોગો કાર્યરત છે, તેમજ હાઈવે કિનારે મોટો ઈન્ડસ્ટ્રીયલ હબ પણ આવેલો છે. જ્યાં રોજના સેંકડો વાહનોની અવરજવર રહે છે. પરંતુ ત્યાં ક્રોસિંગની સુવિધા ન હોવાથી વાહનચાલકોને ખોટી સાઈડમાં વાહન ચલાવવું પડતું હતું અથવા તો કરમબેલી ઓવરબ્રિજ સુધીનો લાંબો ચક્કર કાપવો પડતો હતો.

જેના કારણે અકસ્માતનો ભય સતત રહેતો હતો. હવે આ નવા ઓવરબ્રિજના નિર્માણથી વાહનો તેની નીચેથી આરામથી અને સુરક્ષિત રીતે બીજી તરફ જઈ શકશે. ખોટી દિશામાં વાહન ચલાવવાની સમસ્યાનો અંત આવશે અને હાઈવે પર થતા અકસ્માતોમાં પણ નોંધપાત્ર ઘટાડો થવાની આશા છે. નાણામંત્રી કનુભાઈ દેસાઈના પ્રયાસો થકી નિર્માણ પામી રહેલા બ્રિજથી હજારો વાહનચાલકોને રાહત થશે.







દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખી

ડાંગ જિલ્લા પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા મોકડ્રિલ યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સાપુતારા, તા.૦૧ : ડાંગ જિલ્લાનાં આહવા કેશવ કોમ્પ્લેક્સ ખાતે ફટાકડાની દુકાનમાં આગ લાગવાની પરિસ્થિતિનું પ્રાયોગિક નિદર્શન યોજાઈ, અહી તાત્કાલિક બચાવ અને રાહતની કામગીરી હાથ ધરાઈ હતી.

આહઆગામી દિવાળીના તહેવારો દરમિયાન આગના સંભવિત બનાવોને ધ્યાનમાં રાખીને નાગરિકોની સુરક્ષા અને સલામતી સુનિશ્ચિત કરવા તથા આપત્તિ સમયે તાત્કાલિક બચાવ અને રાહત કામગીરી હાથ ધરવાની પૂર્વતૈયારીના ભાગરૂપે ડાંગ જિલ્લા પોલીસ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આહવાના કેશવ કોમ્પ્લેક્સ ખાતે મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મોકડ્રિલનો મુખ્ય હેતુ આગ જેવી આકસ્મિક દુર્ઘટનાના સમયે વિવિધ વિભાગો વચ્ચે સંકલન સ્થાપિત કરી જાનમાલનું નુકસાન અટકાવવાનો હતો. ડાંગનાં પોલીસ અધિક્ષક પૂજા યાદવ અને નાયબ પોલીસ અધિક્ષક કે. આર. ડીમરીના સૂચન અને માર્ગદર્શન હેઠળ આ મોકડ્રિલ યોજવામાં આવી હતી.દિવાળીના તહેવારો દરમિયાન ફટાકડા ફોડવા, તેના વેચાણ અને સંગ્રહ દરમિયાન રહેણાંક વિસ્તારો, બજારો, દુકાનો તથા અન્ય જાહેર સ્થળોએ આગ લાગવાની સંભાવના રહેતી હોય છે. આવી પરિસ્થિતિમાં અસરકારક કામગીરી કરી નાગરિકોની સુરક્ષા જાળવવા માટે ડાંગ જિલ્લા પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (SOG), લોકલ ક્રાઇમ બ્રાન્ચ (LCB), આહવા પોલીસ સ્ટેશન, જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન ટીમ તથા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સંયુક્ત રીતે આ મોકડ્રિલ હાથ ધરવામાં આવી હતી.

ખેરગામને ભૂગર્ભ ગટરનાં કામે રૂા.૩૨ કરોડની દિવાળી ભેટ આપતાં ભુપેન્દ્ર પટેલ

૨૧ કરોડના ખર્ચે ભૂગર્ભ ગટર યોજના,પાંચ કરોડની નવી પેયજળ પાઇપલાઇન નંખાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ખેરગામ, તા.૦૧ : તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા સન ૨૦૧૪માં ખેરગામને તાલુકો બનાવાયો હતો. પરંતુ ખેરગામ બાર વર્ષથી નગરપાલિકા વંચિત રહેતા રાજ્ય સરકારે આવા વંચિત ૧૧૪ નાના તાલુકા મથકો માટે ગ્રામોત્થાન યોજના બનાવી, તેવા ગામોનો વિકાસ કરવા માટે નવો કાર્યક્રમ અમલી બનાવ્યો હતો. જેમાં ગણદેવી ખેરગામના ધારાસભ્ય કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલે ખેરગામના વિકાસમાં અંગત રસ લઈ કાર્યવાહી કરતા હવે નવું પ્રકરણ ઉમેરાવા જઈ રહ્યું છે. વર્ષોથી ગ્રામજનોની માથાના દુઃખાવા સમાન બનેલી હાલ બજાર પૂરતી ગટર યોજનાના બદલે આખા



ગામને આવરી લે તેવી ભૂગર્ભ ગટર યોજનાની માંગણીને આખરે રાજ્ય સરકારનો સારો પ્રતિસાદ મળતા ખેરગામ માટે આશરે રૂ.૩૨ કરોડના વિવિધ વિકાસકાર્યોના વિકાસકીય કાર્યક્રમ - ડીપીઆરને ગાંધીનગર ખાતે ગુરુવારે યોજાયેલી વીડિયો કોન્ફરન્સ દરમિયાન રાજ્યકક્ષાની સમિતિમાં મંજૂરીની મહોર મરાતા તે ખુશ ખબરથી ખેરગામવાસીઓમાં આનંદની લહેર પ્રસરી દિવાળી પૂર્વેના તહેવારે મળેલી આ કાગડોળે રાહ જોવાતી વિકાસની ભેટથી ગામમાં જાણે વહેલી દિવાળી જેવો માહોલ સર્જાયો હતો અને ગ્રામજનોએ ફટાકડા ફોડી અપાર ખુશી વ્યક્ત કરી હતી.

ખેરગામમાં આશરે રૂા.૨૧ કરોડના ખર્ચે ગામતળને સાંકળતી ભૂગર્ભ ગટર યોજના સાકાર કરવાની દરખાસ્ત મંજૂર થઈ છે. ઉપરાંત રૂા.૪ કરોડના ખર્ચે સમગ્ર ગામમાં પીવાના પાણી માટે નવી પાઇપલાઇન, ૧૦ વર્ષ સુધી મરામત અને જાળવણી સાથે પાણી વિતરણની આધુનિક વ્યવસ્થા ઊભી કરવાનું આયોજન થયુ છે. ગામમાં ડેકોરેટિવ સ્ટ્રીટલાઇટ, તળાવનું સૌદર્યકરણ સહિતના વિવિધ વિકાસકાર્યોનો સમાવેશ કરવામાં આવતા અંદાજે રૂા.૩૨ કરોડના સમગ્ર વિકાસલક્ષી આયોજનને સૈદ્ધાંતિક મંજૂરી મળતાં ખેરગામના સર્વાંગી વિકાસની આશા હવે બળવત્તર બની છે. ખેરગામમાં વિકાસ વિસ્તાર વધતા ભૂગર્ભ ગટર વ્યવસ્થાના અભાવે લાંબા સમયથી ડ્રેનેજની સમસ્યા વિકટ બની હતી. ગંદા પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાને કારણે અનેક વિસ્તારોમાં વારંવાર વિવાદો અને ઘર્ષણની સ્થિતિ ઊભી થતી હતી. ખાળકુવા સોષ કુવા ની ક્ષમતા ખલાસ થઈ જતા ઘરના બોર-કુવાના પાણી પણ પીવા લાયક રહ્યા હતા નહીં. આ સમસ્યા માત્ર ગ્રામજનો માટે જ નહીં, પરંતુ સ્થાનિક વહીવટી તંત્ર માટે પણ માથાનો દુઃખાવો બની ગઈ હતી. જેમાં ગ્રામ પંચાયતના સરપંચ વિપક્ષી હોય ગામે ઘણું ભોગવવું પડ્યું છે. પરિણામે છેલ્લા ૧૫ વર્ષથી વધુ સમયથી વિવિધ આગેવાનો દ્વારા ભૂગર્ભ ગટર યોજના અમલી બનાવવા માટે રાજ્ય સરકાર અને ગાંધીનગર સુધી અવારનવાર રજૂઆતો કરવામાં આવતી હતી. નગરપાલિકા બનાવવા માટેના પ્રયત્નો વિફળ રહ્યા હતા.

બીલીમોરા કોળી પટેલ સમાજનો ૩૦મો પારિતોષિક પ્રદાન સમારોહ યોજાયો

જળ મંત્રી અને સાંસદ સીઆર પાટીલે સમાજની કામગીરીને બિરદાવી રૂા.૧૧ લાખ અનુદાન જાહેર કર્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા,તા.૧ : નવસારી સાંસદ અને કેન્દ્રીય જળ મંત્રી સી.આર. પાટીલ અને કેબિનેટ મંત્રી નરેશ પટેલની પ્રેરક ઉપસ્થિતીમાં બીલીમોરા વિભાગ કોળી પટેલ સમાજ દ્વારા રવિવાર સવારે સમાજવાડીમાં ૩૦મો પારીતોષિક સમારંભ યોજાયો હતો. જેમાં વર્ષ ૨૦૨૫-૨૬માં વિવિધ અભ્યાસક્રમોમાં શ્રેષ્ઠ દેખાવ કરનારા ૮૪ તેજસ્વી તારલાઓ અને પૂર્વ પ્રમુખો સહિત ૧૨ વિશિષ્ટ સિદ્ધિ વીરોનું શાલ અને પ્રમાણપત્રથી યાદગાર સન્માન કરાયું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં સમાજનો હાજર રહ્યા હતાં.

બીલીમોરા વિભાગ કોળી પટેલ સમાજ દ્વારા સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે તે માટે તેજસ્વી તારલાઓને વિશિષ્ટ પ્રેરકબળ પુરું પાડવા છેલ્લા ૩૦ વર્ષથી સન્માન ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવે છે. બીલીમોરા સોમનાથ રોડ સ્થિત સમાજ ભવન હોલ માં રવિવારે નવસારી સાંસદ અને કેન્દ્રીય જળ મંત્રી સી.આર. પાટીલ અને કેબિનેટ મંત્રી નરેશ પટેલની પ્રેરક ઉપસ્થિતી રહી હતી. આ પ્રસંગે સાંસદ સી.આર. પાટીલએ જણાવ્યું હતું કે સમાજના પ્રમુખની વરણી સંમતિથી થાય, સમાજજનો વિશ્વાસ સાર્થક એ જવાબદારી નવા પ્રમુખની છે. ધીરુભાઈ પટેલ યોગ્ય વ્યક્તિની પસંદગી થઈ છે. જે સાથે કોળી પટેલ સમાજની સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી. અને સમાજને રૂા. ૧૧ લાખ અનુદાનની જાહેરાત કરતા સમાજજનોએ વધાવી લીધા હતાં. આ પ્રસંગે સી.આર. પાટીલનાં હસ્તે માજી પ્રમુખો સહિત ૧૨ વિશિષ્ટ સિધ્ધીવીરોને સન્માનિત કરાયા હતાં. રાજ્યના કેબિનેટ મંત્રી અને ગણદેવીનાં ધારાસભ્ય નરેશભાઈ પટેલનાં હસ્તે તેજસ્વી તારલાઓને સન્માનિત કરાયા હતાં. આ પ્રસંગે પ્રેરક વક્તા આચાર્ય અશ્વિન પટેલએ વિદ્યાર્થીઓ ને જીવન શિક્ષણ નાં પાઠ શીખવ્યા હતાં. આ પ્રસંગે પ્રમુખ ધીરુભાઈ પટેલ,પાલિકા પ્રમુખ મનીષ પટેલ, મંત્રી ધીરજલાલ પટેલ, કન્વીનર અજુવેન્દ્ર પટેલ, મંત્રી (શિક્ષણ સમિતિ) ડો. પ્રશાંત પટેલ સહિત અગ્રણીઓ અને મોટી સંખ્યામાં સમાજજનો ઉપસ્થિત રહ્યા હતા. જેમણે તેજસ્વી તારલાઓનો ઉત્સાહ વધાર્યો હતો.

બીલીમોરા-અમલસાડ કોસ્ટલ હાઈવે પર જોખમી રીતે સળિયાનું વહન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા.૩૦ : બીલીમોરા - અમલસાડ કોસ્ટલ હાઈવે પર ગુરુવારે બપોરે ટ્રાફિક અને માર્ગ સુરક્ષાના નિયમોના ખુલ્લેઆમ લીરેલીરા ઉડાવતો કિસ્સો સામે આવ્યો છે. હાઈવે પરથી પસાર થઈ રહેલા એક ટાટા ડમ્પરની બોડી કરતાં ઘણા લાંબા લોખંડના સળિયા આગળ અને પાછળ બંને તરફ અત્યંત જોખમી રીતે બહાર નીકળેલા જોવા મળ્યા હતાં.



ડમ્પરની કેબિનથી આગળ તેમજ પાછળના ભાગે પાંચેક ફૂટ સુધી લટકતા આ સળિયા પાછળ આવી રહેલા તેમજ સામેથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓ માટે અકસ્માતનું કારણ બની શકે તેમ હતા. બીલીમોરા પોલીસનાં ટ્રાફિક જમાદાર સુરેશ સહાર એ સ્મશાન ભૂમિ પૂલ નજીક ડમ્પર ઉભું રહેતા ચાલક સામે ગુનો નોંધી કાયદાનું ભાન કરાવ્યું હતું.

આહવા તાલુકામાં વિકાસ કામોમાં ભ્રષ્ટાચાર અને કમિશનખોરીના આક્ષેપો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સાપુતારા, તા.૦૧ : ડાંગ જિલ્લાના આહવા તાલુકા પંચાયત વિસ્તારમાં વિવિધ સરકારી યોજનાઓ હેઠળ હાથ ધરવામાં આવતા વિકાસ કામોમાં વ્યાપક ભ્રષ્ટાચાર, કથિત કમિશનખોરી અને નબળી ગુણવત્તાનાં બાંધકામો અંગે ગંભીર આક્ષેપો સાથે આહવા તાલુકા પંચાયતના સદસ્ય રાકેશ પવાર દ્વારા વિકાસ કમિશનર, ગાંધીનગરને લેખિત રજૂઆત કરવામાં આવી છે. આ રજૂઆતમાં સમગ્ર મામલે રાજ્ય કક્ષાની સ્ટેટ લેવલ વિજિલન્સ ટીમ દ્વારા તટસ્થ તપાસ હાથ ધરવાની ઉગ્ર માંગ કરવામાં આવી છે.આ રજૂઆતમાં જણાવ્યા મુજબ, આહવા તાલુકામાં વિવિધ વિકાસ કામોની કામગીરી દરમિયાન તાલુકા વિકાસ અધિકારી (TDO) તથા સંબંધિત શાખાના કેટલાક ટેકનિકલ અધિકારીઓ અને કર્મચારીઓની કથિત મિલીભગતથી કમિશન લેવાની પ્રથા ચાલતી હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે. રજૂઆતકર્તાના જણાવ્યા અનુસાર, કથિત રીતે નિશ્ચિત ટકાવારીનું કમિશન આપ્યા વિના વિકાસ કામોનાં બિલો મંજૂર કરવામાં મુશ્કેલીઓ ઊભી થતી હોવાની ફરિયાદો છે.આવી કથિત કમિશનખોરીની પ્રથાને કારણે વિકાસ કામોની ગુણવત્તા પર વિપરીત અસર થતી હોવાની રજૂઆતમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. આક્ષેપ મુજબ, કેટલાક કોન્ટ્રાક્ટરો દ્વારા અંદાજપત્ર અને નિયત ધોરણો મુજબની સામગ્રીનો ઉપયોગ કરવાને બદલે હલકી ગુણવત્તાની સામગ્રીથી બાંધકામ કરવામાં આવતું હોવાની શક્યતા છે. પરિણામે સરકારી નાણાંનો યોગ્ય ઉપયોગ થતો ન હોવાની સાથે પ્રજાને મળવાપાત્ર વિકાસલક્ષી સુવિધાઓની ગુણવત્તા સામે પણ સવાલો ઊભા થયા છે. વધુમાં, રજૂઆતમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે કેટલાક વિકાસ કામોમાં સંબંધિત અધિકારીઓ દ્વારા સ્થળ પર જઈને વાસ્તવિક કામગીરીની ચકાસણી કર્યા વિના અથવા કામની ગુણવત્તાનું યોગ્ય મૂલ્યાંકન કર્યા વિના કાગળ પર કામગીરી પૂર્ણ દર્શાવી બિલો મંજૂર કરવામાં આવતાં હોવાની ફરિયાદો છે.

નવસારી જિલ્લામાં પી.એમ. કિસાન ઉત્સવની ઉજવણી કરાઈ

નવસારી, તા.૦૧ : ખેડૂતોની આર્થિક સમૃદ્ધિ અને કૃષિ ક્ષેત્રના સર્વાંગી વિકાસના હેતુથી અમલી પી.એમ. કિસાન સન્માન નિધિ (PM-KISAN) યોજના અંતર્ગત દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે બનાસકાંઠા જિલ્લાના ભીલડી ગામેથી ૨૪મા હપ્તાની સહાયનું ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) મારફતે વિતરણ કરવામાં આવ્યું હતું. આ અવસરે નવસારી જિલ્લાના ૧.૩૦ લાખ ખેડુતોમાં સહાયની રકમ જમા થઈ હતી. સમગ્ર દેશમાં હપ્તા પેટે ૯.૩૪ કરોડથી વધુ ખેડૂત પરિવારોને રૂ.૧૮,૬૮૦ કરોડથી વધુની સહાય તથા ગુજરાત રાજ્યના ૫૨.૩૩ લાખથી વધુ ખેડૂત પરિવારોને રૂ. ૧,૦૫૧ કરોડની સહાય સીધી તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવી હતી.



આ અવસરે નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના દિનકર ભવન ખાતે રાજ્યના નાણા મંત્રી તથા નવસારી જિલ્લાના પ્રભારી મંત્રી કનુભાઈ દેસાઈની ગરિમામય ઉપસ્થિતિમાં પી.એમ. કિસાન ઉત્સવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતે વિકાસના વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. રાજ્યના ખેડૂતોને સમૃદ્ધ અને આત્મનિર્ભર બનાવવા માટે ૨૪ કલાક વીજળી, કૃષિ મહોત્સવ, કૃષિ રથ દ્વારા ગામેગામ કૃષિલક્ષી માર્ગદર્શન, સોઈલ હેલ્થ કાર્ડ અને ટપક સિંચાઈ જેવી અનેકવિધ પહેલ કરવામાં આવી છે. સાથે જ ઉદ્યોગોના વિકાસ માટે વાયબ્રન્ટ ગુજરાત, આદિવાસી વિસ્તારોના વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના, જનધન યોજના અને આરોગ્ય ક્ષેત્રે આયુષ્માન ભારત જેવી યોજનાઓ દ્વારા સર્વાંગી વિકાસને વેગ આપવામાં આવ્યો છે.

બીલીમોરામાં સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા.૦૧ : અખંડ ભારતના શિલ્પી લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી એટલે કે 'રાષ્ટ્રીય એકતા દિવસ' નિમિત્તે બીલીમોરા નગરપાલિકા પ્રમુખ મનીષ પટેલ, સદસ્યો અને શહેરના અગ્રણીઓએ સરદાર પટેલની પ્રતિમાને ફુલહાર કરી ભાવવંદના અર્પી હતી. આ પ્રસંગે ઉપસ્થિત સૌ આગેવાનોએ સરદાર સાહેબના એકતા અને અખંડિતતાના સંદેશને જીવનમાં ઉતારવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

સુપામાં પથી ૧૩ ડિસે. દરમિયાન મોરારી બાપુની શ્રી રામકથા યોજાશે

રૂા.૪૫૦ કરોડના ખર્ચે વિશ્વસ્તરીય નેત્ર હોસ્પિટલનું નિર્માણ અને ૧ કરોડ લોકોને દૃષ્ટિ આપવાનો મહાસંકલ્પ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા.૦૧ : નવસારી જિલ્લાના સુપા ગામે પૂર્ણા નદીના તટે સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર ટ્રસ્ટ (SVNM) દ્વારા નિર્માણાધીન ભવ્ય નેત્ર હોસ્પિટલના લાભાર્થે આગામી પથી ૧૩ ડિસેમ્બર, ૨૦૨૬ દરમિયાન પરમ પૂજ્ય મોરારી બાપુના શ્રીમુખે નવાહન શ્રી રામકથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેના મુખ્ય મનોરથી તરીકે યુએસએ સ્થિત જગદીશભાઈ પટેલ તથા મહેશભાઈ પટેલ સેવા આપી રહ્યા છે. રૂા.૪૫૦ કરોડના અંદાજિત ખર્ચે સાકાર થઈ રહેલા આ વિશ્વસ્તરીય પરિસરમાં ૧૦૮ યુનિટના દીર્ઘકાલીન લક્ષ્યાંક સાથે પ્રથમ તબક્કામાં ૨૧ અત્યાધુનિક ઓપરેશન થિયેટર અને વાર્ષિક ૧.૨૦ લાખ સર્જરી કરવાની ક્ષમતા ઊભી થશે. આ પ્રકલ્પ માત્ર સારવાર પૂરતો સીમિત ન રહેતાં ઓપ્ટોમેટ્રી-નર્સિંગ શિક્ષણ, બાળ અંધત્વ નિવારણ, ROP સારવાર તથા પ્રજ્ઞાચક્ષુઓ માટે વ્યવસાયિક તાલીમનું કેન્દ્ર બનીને અંધકારમાં જીવતા લાખો જરૂરિયાતમંદોના જીવનમાં આશા અને આત્મનિર્ભરતાનો નવો પ્રકાશ પાથરશે. ઓક્ટોબર ૨૦૨૨થી ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં ટ્રસ્ટે ૧૯૯૧ કેમ્પ યોજીને ૧.૯૧ લાખથી વધુ તપાસ, ૫૧,૩૭૬ નિઃશુલ્ક મોતિયાની સર્જરી અને હજારો દર્દીઓને ચશ્મા આપીને અનોખો સેવાકીય સેતુ બાંધ્યો છે, જેને આગળ ધપાવવા માટે શાળા ચશ્મા વિતરણ, કેમ્પ, દૃષ્ટિરથ, ચશ્મારથ તેમજ ઈંટદાન અને નિર્માણદાન દ્વારા સમાજ શ્રેષ્ઠીઓ અને દાતાઓને સહયોગ આપવા અપીલ કરાઈ છે.

સુપ્રભાતમ્

આજનું પંચાગ

તા. ૦૨-૧૧-૨૦૨૬, **વાર :** સોમવાર **તિથિ :** કારતક વદ આઠમ, **સૂર્યોદય :** ૦૬ : ૫૮ **સૂર્યાસ્ત** ૦૫ : ૫૮, **ચંદ્રોદય** - ૧૧:૦૭ **ચંદ્રાસ્ત** - ૧૨:૦૧ **ચંદ્ર રાશિ :** કર્ક, **નક્ષત્ર** - આશ્લેષા

આજનું રાશિભવિષ્ય

મેષ (અ, લ, ઈ) : આજનો દિવસ તમારા માટે ઉર્જા અને ઉત્સાહથી ભરપૂર રહેશે. વેપારમાં નવા પ્રયોગો કરવાથી કાર્યક્ષેત્રમાં તમારી સાખ વધશે. પારિવારિક વાતાવરણ ખુશમિજાજ રહેશે.

વૃષભ (બ, વ, ઉ) : આ દિવસે ચંદ્ર તમારી જ રાશિમાં ગોચર કરશે જે તમને ઉચ્ચ પરિણામ આપશે. આર્થિક બાબતોમાં સાવધાની રાખવી, ખર્ચ વધી શકે છે. સગા-સંબંધીઓનો પૂરો સહયોગ મળશે.

મિથુન (ક, ઘ, ચ) : આજનો દિવસ તમારી પ્રગતિના નવા દ્વાર ખોલશે. આર્થિક સ્થિતિ મજબૂત થશે અને અટકેલા કાર્યો પૂરા થશે. ઓફિસમાં તમારું મેનેજમેન્ટ અને કામકાજ શાનદાર રહેશે.

કર્ક (ડ, હ) : માનસિક શાંતિનો અનુભવ થશે. વાહન કે પ્રોપર્ટી ખરીદવાનો પ્લાન આગળ વધી શકે છે. લાંબા સમયથી ચાલી રહેલી ચિંતાઓનો અંત આવશે.

સિંહ (મ, ટ) : કાર્યસ્થળ પર તમારો પ્રભાવ વધશે અને અધિકારીઓ તમારા કામની પ્રશંસા કરશે. જો તમે રોકાણ કરવાનું વિચારી રહ્યા છો, તો સમય ઉત્તમ છે.

કન્યા (પ, ઠ, ણ) : વિદ્યાર્થીઓ માટે દિવસ ખૂબ જ સારો છે. અભ્યાસ કે નવી સ્કિલ શીખવામાં તમારું મન લાગશે. ધંધાકીય લાભની તકો મળશે.

તુલા (ર, ત) : કામના ભારણને કારણે શારીરિક થાક કે માનસિક તણાવ અનુભવાઈ શકે છે. લવ લાઈફમાં સુખદ પળ વિતાવવાનો મોકો મળશે. વેપારમાં સાવધાની રાખવી.

વૃશ્ચિક (ન, ય) : જૂની બીમારીઓ અને સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓમાંથી રાહત મળશે. તમે ખૂબ જ ઉર્જાવાન અનુભવ કરશો. બુદ્ધિના પ્રયોગથી અટકેલા કામો પૂરા થશે.

ધન (ભ, ધ, ફ, ઢ) : આજનો દિવસ નવી કળા કે નવું કામ શીખવા માટે શ્રેષ્ઠ છે. પરિવાર સાથે હળવાશ અને ખુશીના પળ વિતાવી શકશો. ગેરસમજથી દૂર રહેવું.

મકર (ખ, જ) : નવું રોકાણ કરવા કે નવું કામ શરૂ કરવા માટે સમય અનુકૂળ છે. રચનાત્મક વિચારો આવશે. આર્થિક સ્થિતિ સ્થિર રહેશે.

કુંભ (ગ, સ, શ, ષ) : ઓફિસના રાજકારણ કે વાદ-વિવાદથી દૂર રહેવું. સર્જનાત્મક વિચારોથી તમને કોઈ નાની સફળતા અથવા મોટો ફાયદો મળી શકે છે.

મીન (દ, ચ, થ, ઝ) : નોકરી કરતા લોકોને પ્રમોશન અથવા ઈન્ક્રિમેન્ટના સારા સમાચાર મળી શકે છે. લવ લાઈફમાં મધુરતા આવશે. વેપારમાં નફો થવાના યોગ છે.

દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી

સોમવાર

સવારની પ્રથમ સભા : ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભક્તિ ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભક્તિ ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

સાંજે : ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

સુડોકુ નં.૨૧

		3	4					9
9		2		1				5
			9		7		1	
	2			7	9	5		
		1				2		
		4	2	6			9	
	4		8		3			
2				4		1		7
5					1	8		

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પોન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

સુડોકુ નં.૨૦નો ઉકેલ

1	9	8	2	3	4	7	5	6
4	6	5	1	9	7	8	3	2
7	3	2	6	8	5	4	1	9
3	7	4	9	6	1	5	2	8
8	1	6	7	5	2	9	4	3
2	5	9	8	4	3	1	6	7
5	4	7	3	2	8	6	9	1
6	2	1	4	7	9	3	8	5
9	8	3	5	1	6	2	7	4

વલસાડમાં 'રન ફોર યુનિટી'ને નાણામંત્રીએ લીલીઝંડી આપી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૧ : અખંડ ભારતના શિલ્પી, ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન - ગૃહમંત્રી અને લોખંડી પુરુષ તરીકે જાણીતા શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિના અવસરે વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી ખાતે રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈએ ''રન ફોર યુનિટી''ને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી. આ સાથે મંત્રી કનુભાઈએ સૌને રાષ્ટ્રીય એકતાના શપથ પણ લેવડાવ્યા હતાં.

આ રન ફોર યુનિટીમાં મંત્રી કનુભાઈ દેસાઈની સાથે જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, જિલ્લાના સર્વ ધારાસભ્ય ભરતભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, જીતુભાઈ ચૌધરી, પ્રભારી સચિવ રેમ્યા મોહન, જિલ્લા કલેકટર નિતિન સાંગવાન અને જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત સહિત પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના કર્મચારીઓ, જિલ્લા પોલીસના જવાનો, વિવિધ શાળાના વિદ્યાર્થીઓ તેમજ નગરજનો મોટી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતાં.

આ પ્રસંગે મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, સરદાર વલ્લભાઈ પટેલ ખેડૂતોના નેતા કહેવાયા, બારડોલી અને ખેડા સત્યાગ્રહ પછી સરદારનું બિરૂદ મળ્યું અને ભારતના રાજકારણમાં જમીન પરના નેતા તરીકે છાપ ઉભી કરી હતી.

મંત્રી કનુભાઈએ આજે નીકળેલી એકતા રેલીનું મહત્વ સમજાવતા જણાવ્યું કે, દેશનો એક સાથે સમતુલિત વિકાસ થાય અને લોકોમાં પ્રેમ, સદભાવના જાગે નીકળે તેનો સંદેશ આપવા માટે આ રેલી નીકળી છે. જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાએ સૌને એકતાના ભાવ સાથે મહેનત કરી પ્રગતિ કરીએ અને દેશને વિકાસના માર્ગે આગળ લઈ જઈએ એવી શુભેચ્છા પાઠવી હતી. દેશભક્તિના ગીત સાથે નીકળેલી આ રેલીએ સમગ્ર શહેરમાં દેશભક્તિનો ભાવ જગાડયો હતો.

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ અને રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે

દમણ-સેલવાસમાં 'રન ફોર યુનિટી' દોડ યોજાઈ

પ્રશાસક પ્રફુલ પટેલે રેલીને લીલી ઝંડી આપીને ભાગ લેનારાઓને રાષ્ટ્રીય એકતાના શપથ લેવડાવ્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૦૧ : લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ અને રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે, જિલ્લા વહીવટીતંત્રે શનિવારે દમણના મોતી દમણમાં લાઇટહાઉસ બીચ પર 'રન ફોર યુનિટી'નું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના પ્રશાસક પ્રફુલ્લ પટેલ મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતાં.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રગટાવીને થઈ હતી. ત્યારબાદ પ્રશાસક પ્રફુલ્લ પટેલે ઉપસ્થિત લોકોને રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના શપથ લેવડાવ્યા હતાં. તેમણે દરેકને દેશની એકતા, અખંડિતતા અને આંતરિક સુરક્ષા જાળવવા અને રાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવવા માટે પ્રતિજ્ઞા લેવા વિનંતી કરી હતી.

ત્યારબાદ પ્રશાસકે 'રન ફોર યુનિટી'ને લીલી ઝંડી આપી. સેંકડો નાગરિકો, વિદ્યાર્થીઓ, શિક્ષકો, જનપ્રતિનિધિઓ અને પ્રવાસીઓએ ઉત્સાહપૂર્વક દોડમાં ભાગ લીધો હતો. દોડ દ્વારા, સહભાગીઓએ રાષ્ટ્રીય એકતા, સામાજિક સંવાદિતા અને અખંડ ભારતનો સંદેશ આપ્યો હતો.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય રાષ્ટ્રનિર્માણમાં સરદાર વલ્લભભાઈ પટેલના અજોડ યોગદાનને યાદ કરવાનો અને તેમના એકતા અને અખંડિતતાના આદર્શોને લોકો સુધી પહોંચાડવાનો હતો. વિવિધ ક્ષેત્રના લોકોની ઉત્સાહી ભાગીદારીએ રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીને ખાસ બનાવી હતી.

સરદાર પટેલની જન્મજયંતિ નિમિત્તે

દમણની વિદ્યાનિકેતન શાળામાં વિવિધ કાર્યક્રમો યોજાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૦૧ : રાષ્ટ્રીય એકતા દિવસ અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે, ભારત ભારતી દમણ પ્રદેશ દ્વારા નાની દમણના દલવાડામાં આવેલી અમન વિદ્યાનિકેતન શાળામાં એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાન ભારત ભારતી દમણ પ્રદેશના માર્ગદર્શક સિમ્પલ બેન કટેલા હતાં. કાર્યક્રમની શરૂઆત સરદાર વલ્લભભાઈ પટેલને પુષ્પાંજલિ અર્પણ કરીને થઈ હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ સરદાર પટેલના જીવન, તેમના યોગદાન અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતામાં તેમની ઐતિહાસિક ભૂમિકા પર વક્તવ્ય આપ્યું હતું. વિદ્યાર્થીઓએ દેશભક્તિ કવિતાઓ પણ રજૂ કરી હતી. કાર્યક્રમ દરમિયાન, ભારત ભારતી અને ગંગા સમગ્રાના સભ્યો અને મહેમાનોએ વૃક્ષારોપણ કર્યું અને પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળા ભારતનો સંદેશ ફેલાવ્યો. આ કાર્યક્રમનું આયોજન સરિતા મેડમ અને શાળા પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એસ.કે. શુક્લા, રાજેન્દ્ર કોકાટે, આલોક, તૃપ્તિ બેન, રૂપા બેન, પૂનમ બેન, અશ્વિન પાંડે, ગાયત્રી બેન, સચિન અને બાસુ ભાઈ સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતાં.

સેલવાસમાં પોલીસ માર્ચ પાસ્ટ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સેલવાસ, તા. ૦૧ : દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના પ્રશાસક પ્રફુલ પટેલના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા કલેક્ટર પ્રિયાંક કિશોરના દિશાનિર્દેશ મુજબ યોજાયેલી 'રન ફોર યુનિટી'ને સેલવાસ નગરપાલિકાના ઉપપ્રમુખ કવિતા ભંડારી અને કાઉન્સિલરોએ લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ સોમનાથ દેવરે, ખાનવેલના ઉપકલેક્ટર, નગરપાલિકાના મુખ્ય અધિકારી, પોલીસ વિભાગના અધિકારીઓ સહિત વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

બીજી તરફ, રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે સેલવાસ પોલીસ દ્વારા માર્ચ પાસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ હેડક્વાર્ટર ખાતેથી શરૂ થયેલું માર્ચ પાસ્ટ શહીદ ચોક થઈને નમો હોસ્પિટલ સુધી પહોંચ્યું હતું. આ પ્રસંગે SDPO સંદીપ રૂપાલાએ માર્ચ પાસ્ટમાં સામેલ જવાનોનું ગાર્ડ ઓફ ઓનર ઝીલી સલામી સ્વીકારી હતી. માર્ચ પાસ્ટ દ્વારા પોલીસ જવાનોએ શિસ્ત, એકતા અને રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠાનો સંદેશ આપ્યો હતો. આ બંને કાર્યક્રમો દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલના રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને મજબૂત ભારતના સંદેશને યાદ કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રની એકતા અને અખંડિતતા જાળવી રાખવાના સંકલ્પ સાથે કાર્યક્રમોનું સમાપન થયું હતું.

પારડી ડાયાલીસીસ સેન્ટરમાં બે ડાયાલિસ મશીનોનું ઉદ્ઘાટન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૦૧ : હેલપિંગ હેન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ કિલ્લા પારડી સંચાલિત ડાયાલીસીસ સેન્ટર ખાતે રોટરી ક્લબ ઓફ વલસાડ રેંજર્સ અને સહયોગી સંસ્થાઓ દ્વારા સમાન ફાળા આધારિત અનુદાન યોજના અંતર્ગત મળેલ ૨ ડાયાલિસ મશીનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું પારડી ખાતે હેલપિંગ હેન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ડાયાલીસીસ સેન્ટર હાલ ૭ ડાયાલીસીસ મશીનો સાથે કાર્યરત છે. રોટરી ક્લબ ઓફ વલસાડ ક્લબ ઓફ વલસાડ રેંજર્સના પ્રેસિડેન્ટ રો. રાજેશ પટેલ, પાસ્ટ પ્રેસિડેન્ટ રો. ભરત જૈન, પાસ્ટ સેક્રેટરી રો.હેમીલ શાહ, પ્રોજેકટ ચેરમેન રો.ભાવિન શાહ, રોટરી ફાઉન્ડેશન ચેરમેન રો.ઉમેશ વચ્છાની, રોટરી ક્લબ ઓફ વલસાડ રેંજર્સના માનવંતા સભ્યો, હેલપિંગ હેન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન ડો. પ્રફુલ મેહતા, અજય શાહ, ડો. પ્રતાપ થોસર, શરદ દેસાઈ, નીતિન દેસાઈ, ડો.નીલમ મેહતા, પ્રીતેશ ભરુચા, પ્રેમલસિંહ ચૌહાણ, કેતન જોશી, ભરત ડી. દેસાઈ, બળવંત પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં. હેલપિંગ હેન્ડ ચેરીટેબલ ટ્રસ્ટને મળેલ ૨ મશીનો માટે મેજર ડોનર, રો.સ્વાતિ અનિષ શાહ, રોટરી ક્લબ ઓફ ઉધના, રો. રવિન્દ્ર ચુનીલાલ ચોકસી સુરત, ઉપરાંત રોટરી ક્લબ ઓફ શારલોટ હોલ, મેરિલેન્ડ યુ.એસ.એ તથા રોટરી ક્લબ ઓફ માયેનગા ટેન્ક હિલ, યુગાન્ડાનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રિતેશભાઈ ભરૂચાએ કર્યું હતું.

સેલવાસમાં દાનહ ધોડિયા સમાજની બેઠક મળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સેલવાસ, તા. ૦૧ : આજરોજ સેલવાસ બાવીસા ફળિયા બરમદેવ મંદિર પર દાદરા નગર હવેલીના આદિવાસી ધોડિયા સમાજના પ્રમુખ અશ્વિનભાઈ પટેલની અધ્યક્ષતામાં ધોડિયા સમાજની કમિટીની, હોદેદારોની મીટીંગનું આયોજન કરવામાં આવેલ જેમાં ધોડિયા સમાજ, સર્વ આદિવાસી સમાજ તેમજ દરેક સમાજ ને અને ખાસ કરીને ધોડિયા સમાજ અને આદિવાસી સમાજને જે હાલની દરેક જાતની સમસ્યાઓ ઉદભવી રહી છે તેને પ્રશાસનમાં તથા અન્ય જગ્યાએ ધારદાર રજૂઆત કરી લોકોને પડતી સમસ્યાઓને કેવી રીતના નિરાકરણ કરી શકાય સાથે ધોડિયા સમાજનું સંગઠન કેવી રીતે મજબૂત કરી શકાય તેના વિશે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ મીટીંગમાં લોકહિતના મહત્વના ઘણા મુદ્દાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવેલ મને પણ આ મિટિંગમાં આમંત્રણ હોય મિટિંગમાં સહભાગી થવાનો અવસર પ્રાપ્ત થયેલ હું આ ફક્ત જાણ માટે લખી રહ્યો છું વધારે વિસ્તારથી આપણા દાદરા નગર હવેલીના ધોડિયા સમાજના પ્રમુખ અશ્વિનભાઈ પટેલ આપ સર્વને વિસ્તારથી જાણકારી આપશે.

વાપીમાં સરદાર પટેલને પુષ્પાંજલિ અર્પણ કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૧ : લોખંડી પુરુષ અને દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે સમગ્ર દેશમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે વાપી જીઆઈડીસીના સરદાર ચોક ખાતે પણ રાષ્ટ્રીય એકતા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (VIA)ના પ્રમુખ તથા વાપી મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ સહિત પટેલ સમાજના અગ્રણીઓ અને વાપી જીઆઈડીસી વિસ્તારના વેપારી મિત્રોએ ઉપસ્થિત રહી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફૂલહાર અર્પણ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત સૌએ સરદાર પટેલના રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટેના અમૂલ્ય યોગદાનને યાદ કર્યું હતું. સાથે જ 'જય સરદાર, જય પાટીદાર'ના ગગનભેદી નારા લગાવી સરદાર પટેલની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી.

જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપી દ્વારા

પરિયાના વૃદ્ધાશ્રમમાં સેવાકીય કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૧ : જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપી દ્વારા શનિવાર તા.૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ પારડી તાલુકાના પરિયા ગામ ખાતે આવેલા આધાર ટ્રસ્ટ વૃદ્ધાશ્રમમાં સેવાકીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વૃદ્ધાશ્રમમાં રહેતા વડીલોના જીવનમાં ખુશી, પ્રેમ અને સકારાત્મકતાનો સંચાર થાય તેમજ તેમની સાથે આનંદની પળો વિતાવી શકાય તેવા ઉમદા હેતુથી આ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં આશરે ૨૦૦ જેટલા લોકો ઉપસ્થિત રહ્યા હતાં, જેમાં વૃદ્ધાશ્રમના આશરે ૧૬૦ વડીલો અને સ્ટાફનો સમાવેશ થયો હતો. કાર્યક્રમ દરમિયાન સહજયોગ દ્વારા ધ્યાન, અંતાક્ષરી, ગીત-સંગીત, ગુજરાતી ગરબા અને વિવિધ મનોરંજક રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગરબાની રમઝટ અને સંગીતના સૂર વચ્ચે વડીલોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપીના હિતેશ પુરોહિત અને હિતેનભાઈ ભટ્ટે સુંદર જૂનાં ગીતોની પ્રસ્તુતિ કરી હતી, જેને સાંભળીને વડીલો ભાવવિભોર અને આનંદિત થયા હતા. સંગીતમય માહોલમાં વડીલોના ચહેરા પર ખુશી અને સ્મિત જોવા મળ્યાં હતાં.

આ સેવાકીય પ્રવૃત્તિમાં જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપીના બેલા શેટ્ટી, દક્ષા ગોર, હિરેન ગોર, લોરિતા ભટ્ટ સહિતના સભ્યોએ ઉપસ્થિત રહી સક્રિય સહયોગ આપ્યો હતો. વડીલો માટે વાપીથી ખાસ નાસ્તાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. ગ્રુપના સભ્યોએ વડીલો સાથે હળીમળીને સમય વિતાવી પ્રેમ, સ્નેહ અને આત્મીયતાનો અનુભવ કરાવ્યો હતો. જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપીના પ્રમુખ રિતેશ રાવલ તથા ખ્યાતિ રાવલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ સેવાકીય પ્રોજેક્ટ દ્વારા સમાજમાં વડીલો પ્રત્યે આદર, કરુણા અને માનવતાની ભાવના જાળવવાનો સુંદર સંદેશ આપવામાં આવ્યો હતો.

ભિલાડમાં 'ચૈત્ર પરિપાટી'નું આયોજન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૦૧ : પૂજ્ય ગુરુવર્યોના મંગલ માર્ગદર્શન હેઠળ અને ભિલાડ શ્રી સકલ જૈન સંઘના સહયોગથી, 'જૈન બકડા ગ્રુપ' દ્વારા ચૈત્ર પરિપાટી (એક ભક્તિપૂર્ણ યાત્રા/સરઘસ)નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સવારે ૬:૦૦ વાગ્યે ભિલાડ સ્થિત શ્રી પાર્શ્વપ્રભુ જિનાલયથી ઢોલ-નગારા અને પરંપરાગત વાદ્યોના નાદ સાથે શરૂ થયો. બાળકોથી લઈને વડીલો સુધી, તમામ વયના સહભાગીઓ સાથેની આ યાત્રા સરિગામ સ્થિત શ્રી કુંથુનાથ દાદા જિનાલય સુધી પહોંચી. આ યાત્રા વર્ધમાન ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત જયાનંદસૂરીજીના શિષ્યાઓ, સાધ્વી સંવર્યશજી અને સાધ્વી શુદ્ધયશજીની નિશ્રામાં સંપન્ન થઈ. સરિગામ પહોંચતા જ, સ્થાનિક જૈન સમુદાય દ્વારા આ સમૂહનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. જિનાલયમાં, રણાવત પરિવારે શકસ્તવ અભિષેક (તીર્થંકર પ્રતિમાનો વિધિવત અભિષેક) કરવાનો લાભ લીધો. ત્યારબાદ, સમગ્ર સમુદાયે પ્રક્ષાલ (પ્રતિમાનું વિધિવત પ્રક્ષાલન) અને સામૂહિક ચૈત્ય વંદન (ભક્તિપૂર્ણ પ્રાર્થના)માં ભાગ લીધો. પોતાના પ્રવચન દરમિયાન, પૂજ્ય ગુરુવર્યે શ્રાવકના કર્તવ્યો સમજાવ્યા અને ચૈત્ર પરિપાટીના મહત્વ પર પ્રકાશ પાડ્યો.

સરિગામ જૈન સંઘે આયોજકો–'જૈન બકડા ગ્રુપ'નું સન્માન કર્યું, અને બદલામાં આયોજકોએ પણ સરિગામ જૈન સંઘનું સન્માન કર્યું. સરિગામ જૈન સંઘે 'નવકારસી' (સૂર્યોદય બાદ અને ચોક્કસ વિધિઓ પછી લેવાતું જૈન ધર્માનુયાયીઓનું દિવસનું પ્રથમ ભોજન)ની વ્યવસ્થા પણ કરી હતી, જેની ખૂબ જ પ્રશંસા કરવામાં આવી. ટ્રસ્ટીઓનું પણ યોગ્ય સન્માન અને સ્વાગત કરવામાં આવ્યું, અને નાના બાળકોએ સુંદર ભક્તિ ગીતો ગાઈને વાતાવરણને વધુ આનંદમય બનાવી દીધું હતું.

વાપીના સમાજસેવી સન્માન કરાયું

(દમણગંગા ટાઈક્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૧ : વાપીના જાણીતા સમાજસેવી સંજયભાઈ સિંદેને અર્પણ સેવા ફાઉન્ડેશન દ્વારા 'દાતા સન્માન પ્રમાણ પત્ર'થી સન્માનિત કરવામાં આવ્યા છે. આ બદલ તેમણે ફાઉન્ડેશનના તમામ હોદેદારો અને સભ્યોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. સંજયભાઈએ પોતાની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ સન્માન તેમના માટે માત્ર એક પ્રમાણપત્ર નથી, પરંતુ સમાજ પ્રત્યેની પોતાની જવાબદારીઓને વધુ નિષ્ઠા અને સમર્પણ સાથે નિભાવવાની પ્રેરણા છે

વાપી પોદાર પ્રેપમાં દિવાળી મેળો યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૧ : દિવાળીના પાવન પર્વ નિમિત્તે પોદાર પ્રેપ વાપી ખાતે તા.૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ભવ્ય દિવાળી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળામાં બાળકો અને વાલીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર શાળા પરિસર દિવાળીના રંગો, રોશની અને પરંપરાગત માહોલથી રંગાઈ ગયું હતું. દિવાળી મેળા દરમિયાન બાળકો માટે વિવિધ રચનાત્મક અને મનોરંજક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દીવા ડેકોરેશન, બ્લોક્સની મદદથી રંગોળી બનાવવી, થ્રેડિંગ બીડ્સ લેસિંગ તથા માટીમાંથી મીઠાઈ બનાવવાની પ્રવૃત્તિઓએ બાળકોમાં વિશેષ આકર્ષણ જમાવ્યું હતું. આ ઉપરાંત બાળકો માટે પરંપરાગત રેમ્પ વોકનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની પ્રતિભા રજૂ કરી હતી. આ પ્રસંગે બાળકો અને વાલીઓ પરંપરાગત ભારતીય વસ્ત્રોમાં સજ્જ થઈને આવ્યા હતા, જેના કારણે સમગ્ર કાર્યક્રમમાં દિવાળીની પરંપરા અને સંસ્કૃતિની સુંદર ઝલક જોવા મળી હતી. કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળકો અને વાલીઓ વચ્ચેના પ્રેમ, આત્મીયતા અને પરસ્પરના સંબંધોને વધુ મજબૂત બનાવવાની સાથે બાળકોને ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓથી પરિચિત કરાવવાનો હતો. સમગ્ર મેળા દરમિયાન બાળકોએ વિવિધ પ્રવૃત્તિઓનો આનંદ માણ્યો હતો.

ધોડીપાડામાં કિસાન ઉત્સવ દિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૧ : વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના ધોડીપાડા સાંસ્કૃતિક ભવન ખાતે ધારાસભ્ય રમણલાલ પાટકરના અધ્યક્ષસ્થાને પી.એમ. કિસાન ઉત્સવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા PM-KISAN સન્માન નિધિના ૨૪ માં હપ્તાનું વર્ચ્યુઅલ માધ્યમથી ખેડૂતોને વિતરણ કરવામાં આવ્યું હતું.

ધારાસભ્ય રમણલાલ પાટકરના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં ખેડૂતોનું સન્માન કરવામાં આવ્યું તથા ખેડૂતોના કલ્યાણ અને સમૃદ્ધિ માટે સરકાર દ્વારા અમલી વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ખેડૂતોના સશક્તિકરણ અને કૃષિ ક્ષેત્રના વિકાસ માટે સરકારની પ્રતિબદ્ધતાને બિરદાવતો આ કાર્યક્રમ ઉમરગામ ખાતે ઉત્સાહભેર સંપન્ન થયો હતો.

વાપી ચાર રસ્તા વીઆઇએ રોડ ભારે વાહનો માટે બંધ કરાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૧ : વાપી આઈ ચાર રસ્તાથી વિશાલ મેગામાર્ટ તરફ જતો રસ્તો માર્ગ પેચવર્ક કામ માટે એક અઠવાડિયા સુધી ભારે વાહનો માટે બંધ કરવામાં આવ્યો છે. ભારે વાહનો અન્ય વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવો પડશે. આ માટે ટ્રાફિક પીઆઈ અને સ્ટાફ સ્થળ પર વ્યવસ્થા જાળવવા નજરે પડ્યા હતાં.

વાપીમાં ફટાકડા કીટ અને મીઠાઈનું વિતરણ કર્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૧ : દિવાળીના પર્વ નિમિત્તે વાપીના સમાજસેવક અને વાપી સોશિયલ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી કિરણ રાવલ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સેવાકીય કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. છેલ્લા ચાર દિવસ દરમિયાન આહવા-ડાંગના આદિવાસી ગામો તેમજ વાપીના વિવિધ વિસ્તારોમાં જરૂરિયાતમંદ બાળકોને પ૩૦ ફટાકડા કીટ અને મીઠાઈના પેકેટનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.



રામલીલા મેદાનમાં કુરુક્ષેત્રની તૈયારી?

વિશ્લેષણ

કુન્દન વ્યાસ

રાહુલ ગાંધી માટે રામલીલા મેદાનની સરકાર વિરોધી જાહેરસભા વિશેષ મહત્ત્વની છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર સામે 'મહાભિયોગ' ઉપરાંત વડાપ્રધાન મોદી, ગૃહપ્રધાન અમિત શાહ અને આરએસએસના વડા મોહન ભાગવત ઉપરાંત ઉદ્યોગપતિઓ અંબાણી અને અદાણીને નિશાન ઉપર લેવાનો વ્યૂહ છે. 'વોટ ચોરી'નો આક્ષેપ અને જ્ઞાનેશકુમાર સામેની ફરિયાદમાં સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવે તે પહેલાં 'કહેવાતી' 'જનતા અદાલત'માં આ મુદ્દો લાવીને સંભવિત દેશવ્યાપી અરાજકતા આંદોલન - માટે કુરુક્ષેત્ર સજ્જ કરવાનો વ્યૂહ છે. સુપ્રીમ કોર્ટમાં ફરિયાદ નહીં ટકી શકે અને 'મનગમતો ન્યાય' નહીં મળે એવી આશંકા એમને છે. સુપ્રીમ કોર્ટનો ચુકાદો નહીં સ્વીકારીને ન્યાયતંત્રમાં પણ અવિશ્વાસની ભાવના જગાડવા ભડકામણાં ભાષણો થાય તો નવાઈ નહીં. સુપ્રીમ કોર્ટનું અપમાન થાય નહીં તેવી રીતે - ચૂંટણી કમિશનરને પદભ્રષ્ટ કરવાનું 'નાટક' થશે - જનતા અદાલતમાં આગોતરા - એડવાન્સ ચુકાદો જાહેર કરવાનો વ્યૂહ છે. વિધાન પરિષદોની ચૂંટણીનાં પરિણામ બદલ જેન - ઝીને અભિનંદન અપાશે. અભિજિત હાજર રહેશે, પણ મંચ ઉપર હાથ નહીં મેળવે એવી હવા છે. આમ આદમી પાર્ટીની પણ કસોટી છે. તાજેતરમાં શિવસેનાના નેતા - પ્રવકતાએ ન્યાયમૂર્તિઓને ગર્ભિત ધમકી આપી હતી. આલ્બેનિયામાં લોકોએ સુપ્રીમ કોર્ટ ઉપર હુમલો કરીને આગ લગાડી હોવાનું કહ્યું હતું. મહારાષ્ટ્રના એક પત્રકારે પણ ન્યાયમૂર્તિ માટે અસભ્ય ભાષા પ્રયોગ કર્યો હતો. અલબત્ત, પછી માફી માગવામાં આવી, પણ આવી ધમકી આપવા પાછળ કારણ અકળ નથી. હવે આજે રામલીલા મેદાનમાં કેવી હાજરી થાય છે અને કેવાં ભાષણ થાય છે તેના ઉપર સરકાર અને ન્યાયતંત્રની નજર અને કાન છે. ચાર રાજ્યમાં વિધાન પરિષદ (ઉપલાં ગૃહ)ની ચૂંટણીનાં પરિણામોએ ભારતીય જનતા પાર્ટીના આત્મવિશ્વાસને ભારે આઘાત આપ્યો છે. કોંગ્રેસે એક પછી એક રાજ્ય ગુમાવ્યા બદલ 'હર્ષ'વ્યક્ત કરીને કોંગ્રેસે કેટલી બેઠકો મેળવી ? એવો કટાક્ષ કર્યા પછી ગણતરીના કલાકોમાં જ ભાજપના નેતાઓની હાલત કફોડી થઈ ગઈ. વડાપ્રધાન મોદીની વારાણસી લોકસભા બેઠકના વિસ્તારમાં જ સમાજવાદી ઉમેદવારનાં વિજય સરઘસ નીકળ્યાં. સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહના લખનઉ



વિસ્તારમાં પણ સમાજવાદી પક્ષની બોલબાલા અને નાગપુર - જ્યાં આરએસએસનું મથક છે અને મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસનો ગઢ ગણાય છે. ત્યાં પણ ભાજપના ઉમેદવાર હાર્યા છે. ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રમાં થયેલી પીછેહઠ - પરાજયની કળ ક્યારે વળશે તે જોવાનું છે. મહારાષ્ટ્રમાં ભાજપ અને શિંદે શિવસેના વચ્ચે આક્ષેપબાજી શરૂ થઈ છે ! પરાજયના સ્વામી કોણ ? જવાબદારી કોની ? શરદ પવારના રાજકીય વારસદાર ગણાતા રોહિત પવારે તો દેવેન્દ્ર ફડણવીસને પડકાર્યા છે. - વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં તમારા આવા જ હાલ થશે... રાજકારણમાં વિધાન પરિષદોની ચૂંટણીનું મહત્ત્વ મર્યાદિત હોય છે તેથી ૨૮ બેઠકનાં પરિણામ કોઈપણ પક્ષનું ભવિષ્ય નક્કી કરી શકે નહીં. પક્ષની લોકપ્રિયતાની આ પારાશીશી પ્રમાપદંડ - આ પરિણામો નથી. આપણાં ૨૮ રાજ્યમાંથી માત્ર છ રાજ્ય - ઉત્તરપ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને તેલંગણામાં વિધાનસભાથી ઉપલું ગૃહ - વિધાન પરિષદ છે. સંસદમાં રાજ્યસભાની જેમ આ ઉપલાં ગૃહની સભ્યસંખ્યા વિધાનસભાની સભ્યસંખ્યાના ત્રીજા ભાગથી વધુ હોઈ શકે નહીં અને ૪૦થી ઓછા સભ્યો નહીં હોવા જોઈએ. રાજ્યસભાની જેમ વિધાન પરિષદના સભ્યોની મુદત પણ છ વર્ષની હોય છે અને ત્રીજા ભાગના સભ્યો દર છ વર્ષે નિવૃત્ત થાય ત્યારે ચૂંટણી થાય છે. વિધાન પરિષદના સભ્યોની ચૂંટણીમાં વિધાન સભ્યો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ - જેવી કે સુધરાઈ વગેરે, ગ્રેજ્યુએટ તથા શિક્ષકો ઓછાંમાં ઓછાં ત્રણ વર્ષના અનુભવી હોય તેમનું ક્ષેત્ર છે. નોંધપાત્ર બાબત એ છે કે વિધાન પરિષદ નાણાં વિષયક ખરડા ઉપર વોટ આપી શકે નહીં. વિધાનસભા સર્વોપરી હોય છે. આ વખતે આવી ૨૮ બેઠકની ચૂંટણી થઈ, તેમાં ભાજપે ૧૩ બેઠક જીતી અને કોંગ્રેસને માત્ર એક બેઠક મળી છે, પણ આ પરિણામથી લોકપ્રિયતા માપી નહીં શકાય. ભાજપે બેઠકો જીતી હોવા છતાં અત્યાર સુધી ગ્રેજ્યુએટ મતદારોમાં ભાજપનો જે પ્રભાવ હતો તે હવે ઘટયો છે. વર્ષ ૨૦૨૪માં એનડીએને ૪૫ ટકા વોટ મળ્યા હતા, તેમાં ભાજપનો હિસ્સો ૩૮ ટકા હતો. હવે આ ગ્રેજ્યુએટ અર્થાત્ યુવાવર્ગમાં ભાજપની વગ ઓસરી હોય તેમ જણાય છે. અત્યાર સુધી શિક્ષિતવર્ગ તથા શહેરી મતદારો ભાજપ સાથે હતા તેમાં ઘટાડો થયો હોવાથી ભાજપ માટે ચેતવણી છે, છતાં નિરીક્ષકો માને છે કે ભાજપ - એનડીએ યુવાવર્ગને જીતી લેવામાં સફળ થશે. વિપક્ષ - કોંગ્રેસ આજનાં પરિણામને ભવિષ્ય માની લેવામાં ભૂલ કરે છે. કોંગ્રેસનો રકાસ થયો હોવા છતાં ઈન્ડિ મોરચાના સભ્ય પક્ષોના વિજય ઉપર મુસ્તાક છે ! - સાગરમાં ગાગર જેવી ચૂંટણીનાં પરિણામ પછી ભાજપ - એનડીએ સચિંત અને સક્રિય બનશે એમ મનાય છે. એનડીએના સાથી પક્ષો - ખાસ કરીને મહારાષ્ટ્રમાં શિંદે શિવસેના ઉપર વધુ મદાર રાખી નહીં શકાય, એવી ખાતરી ભાજપને પણ થઈ હશે જ. ચૂંટણી પરિણામોનું વિશ્લેષણ કરતાં નિષ્ણાંતો કહે છે જેન - ઝી - યુવાવર્ગના આંદોલન અને કોંગ્રેસ દ્વારા વોટ ચોરીના પ્રચારે ભાગ ભજવ્યો છે. અલબત્ત, કોંગ્રેસ અને રાહુલ ગાંધી - અત્યારે સમાજવાદી પાર્ટી, રાષ્ટ્રવાદી કોંગ્રેસ અને આરજેડીએ જીતેલી બેઠકોનાં કારણે ખુશ છે અને આ પશ્ચાદ્ભૂમિ સાથે આજે રામલીલા મેદાનમાં ગર્જના કરશે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર સામે 'મહા - અભિયોગ' ચલાવીને - આરોપનામું જાહેર કરીને એમને પદભ્રષ્ટ કરવાની જાહેરાત કરશે. સંતોષ માણશે ! રામલીલા મેદાન હવે 'મહાભારત'નું કુરુક્ષેત્ર બની રહ્યું છે. કોકરોચ પાર્ટીના અભિજિત દીપકે હાજરી આપવા ઉત્સુક ન હતા, પણ હવે ચૂંટણીનાં પરિણામોથી એમને નવી આશા અને જોશ મળ્યું છે તેથી હાજરી આપીને જેન - ઝીનું બ્યૂગલ વગાડશે ! રાહુલ ગાંધીએ લોકોને આહ્વાન કર્યું છે કે લોકતંત્ર બચાવવા માટે 'ચલો દિલ્હી' - આંદોલન કોઈ એક પક્ષનું નથી - તમે ગમે તે પક્ષના હો અને વિદ્યાર્થી સંઘના હો - અમારી સાથે આવો - એમ કહીને એમણે આંદોલન રાજકીય નહીં, રાષ્ટ્રીય છે એવો દાવો કર્યો છે - રામલીલા મેદાનને તિરંગાથી શણગારીને રાષ્ટ્રીય આંદોલનની છબી બતાવી-ઉપસાવી છે. વિદ્યાર્થીઓ, કિસાનો અને કામદારોને દિલ્હી પહોંચવા જણાવ્યું છે. પરિણામે આજની રામલીલા સભામાં હાજરી સારી હશે એમ મનાય છે, પણ આયોજકો આક્ષેપ કરે છે કે આંદોલનમાં ભાગ લેવા આવી રહેલા લોકો માટે સરહદ બંધ કરવામાં આવી છે ! કોંગ્રેસ 'પ્રમુખ' મલ્લિકાર્જુન ખડગેનાં નિવાસસ્થાને 'મોક' પાર્લામેન્ટ બોલાવીને ચીફ ઈલેક્શન કમિશનરને દૂર કરવા માટે ઈમ્પિચમેન્ટ - મહાઅભિયોગનો કેસ ચલાવાયો. લોકસભાના પૂર્વ સ્પીકર કુમારી મીરા કુમારને અધ્યક્ષ બનાવાયાં, પણ શુક્રવારે મેઘરાજાએ કાર્યક્રમ ખોરવી નાખ્યો. આખરે બંધબારણે સભા મળી. વાસ્તવિક - વર્તમાન સંસદમાં આવો કોઈ ઠરાવ પસાર થવાની શક્યતા-આશા નથી, છતાં દેશભરમાં આ વિષયની ચર્ચા થતી રહે, આંદોલન ઢીલું પડે નહીં તે માટે આ વ્યૂહ નક્કી કરવામાં આવ્યો હોય તે સ્વાભાવિક છે. 'મોક પાર્લામેન્ટ' અર્થાત્ નકલી - મૂળ સંસદની નકલ કરતી લોકસભા શુક્રવારે ખડગેનાં નિવાસસ્થાને આયોજિત હતી. 'લોકસભા'ની બેઠકમાં સ્પીકરનાં સ્થાને નિવૃત્ત સ્પીકર - કુ. મીરા કુમાર - જેઓ બાબુ જગજીવનરામનાં સુપુત્રી છે - તેઓ બિરાજમાન હતાં. પણ શાસક પક્ષનાં સ્થાન ખાલી - વડાપ્રધાન, ગૃહપ્રધાન - તરીકે કોઈને બેસાડવામાં આવ્યા નહીં. રાહુલ ગાંધી ઠરાવ મૂકે અને પછી સમાજવાદી પક્ષ તથા તૃણમૂલ કોંગ્રેસના સભ્યો ચર્ચામાં ભાગ લેશે એવી વ્યવસ્થા હતી. અત્યારસુધી આવી 'નકલી સંસદ'ની બેઠક બોલાવાઈ હોવાનું જાણમાં નથી. જો કે, ૧૯૭૭માં ઈન્દિરા ગાંધીનું સભ્યપદ - ઈમર્જન્સીના અત્યાચાર - અપરાધ બદલ રદ થયું હતું. બંધારણની જોગવાઈ મુજબ ઠરાવ પસાર થયો હતો, પણ બેઠક મુલતવી રહ્યા પછી ઈન્દિરાજી ગૃહમાં જ બેસી રહ્યાં અને બહારથી એમના સમર્થક કાર્યકરો ગૃહની અંદર ધસી આવ્યા હતા. કોંગ્રેસી સભ્ય સ્પીકરનાં સિંહાસન ઉપર ચડી બેઠા અને તત્કાલીન સ્પીકર - સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયમૂર્તિ કે. એસ. હેગડેની મિમિકી - ચેનચાળા કરીને ઈન્દિરા ગાંધી અને સૌનું મનોરંજન કર્યું હતું ! આ પછી સંસદની બહાર આવી રીતે વિરોધ પક્ષે 'મોક સંસદ - લોકસભા'ની બેઠક બોલાવી !

પુરુષોએ કેમ પોતાના મનની 'ચેક ઇન્જિન' લાઈટ પર પણ નજર કરવી જોઈએ?

પૌરુષ



અંકિત દેસાઇ,
ટુકવાડા

રસ્તા પર પૂરપાટ ઝડપે દોડતી ગાડીનું અચાનક ડેશબોર્ડ ઝગમગી ઉઠે અને નાની સરખી લાલ લાઈટ બ્લિંક થવા લાગે, ત્યારે ડ્રાઈવર ગાડી સાઈડમાં મૂકીને બોનેટ ખોલી નાખે છે. તે એક સેકન્ડની પણ રાહ જોયા વગર મિકેનિકને ફોન કરે છે. અથવા પોતે જ તપાસ કરવા લાગે છે કે એન્જિનમાં લોચો ક્યાં છે. તેને બરાબર ખબર હોય છે કે જો આ લાલ લાઈટને અવગણીને ગાડી ભગાડવામાં આવી, તો એન્જિન સીઝ થઈ જશે અને રસ્તા વચ્ચે જ ધોળા દિવસે તારા દેખાઈ જશે. મશીનરીની આ સાદી સમજ આપણા સૌના લોહીમાં વણાયેલી છે. ગાડી અવાજ બદલે, ગિયર અટકે કે માઇલેજ ઘટે એટલે આપણને તરત ખબર પડી જાય કે ગાડી સર્વિસિંગ માંગે છે. પણ સવાલ એ છે કે આ જ સાદી વિવેકબુદ્ધિ આપણી પોતાની બાબતમાં ક્યાં ગાયબ થઈ જાય છે? આપણું શરીર અને મન પણ કોઈ અત્યાધુનિક ગાડીથી કઈ કમ નથી, છતાં આપણે તેના તરફ કેવું દુર્લક્ષ સેવીએ છીએ તે એક મોટો વળાંક માગી લેતી વાસ્તવિકતા છે. અપાર ભાગદોડ અને જવાબદારીઓના બોજ વચ્ચે આપણા શરીર અને મનનું પણ કશુંક આવું જ થતું હોય છે. અંદરથી મન કડાકાભડાકા કરતું હોય, રાત્રે પથારીમાં પડ્યા પછી પણ ઊંઘ હવામાં ઓગળી ગઈ હોય, માથું ફાટફાટ થતું હોય કે હાથ-પગમાં અકારણ કળતર ઉપડતી હોય—છતાં આપણે એવું અદ્ભુત નાટક કરીએ છીએ કે બધું એકદમ પરફેક્ટ ચાલી રહ્યું છે. ગાડીના નાનામાં નાના પાર્ટ્સ માટે તો એલાર્મ વાગી જાય છે, પણ ભગવાને આ માણસજાત, ખાસ કરીને પુરુષ જાતિને એવી કઈ ધાતુની બનાવી છે કે તેને પોતાની જ અંદર વાગતી વૉર્નિંગ બેલ સંભળાતી જ નથી? અરે, સંભળાય છે સાહેબ, બરાબર સંભળાય છે, પણ આપણને એ સ્વીકારવામાં નાનપ લાગે છે કે આપણા પોતાના જૈવિક મશીનમાં પણ ક્યાંક પંચર પડી ગયું છે. આપણને એમ હોય કે સ્વીકારી લઈશું તો દુનિયા આપણને નબળા માની લેશે.

હકીકતમાં તો આપણું શરીર આપણને રોજ સવારે એલાર્મ આપતું જ હોય છે. ક્યારેક એસિડિટીના રૂપમાં, ક્યારેક અકારણ ચીડિયાપણાના રૂપમાં અને ક્યારેક કામમાંથી એકદમ ઉતરી ગયેલા રસના રૂપમાં શરીર બૂમો પાડીને કહેતું હોય છે કે બસ યાર, હવે બ્રેક માર! પણ આપણો પુરુષાર્થ એવો જીદ્દી કે આપણે પેલા જૂના, ઘસાઈ ગયેલા ઢાંચામાં જ ગાડી પૂરપાટ દોડાવ્યા કરીએ છીએ. આપણને એમ હોય કે બધું ચૂપચાપ સહન કરી લેવું એટલે જ સાચી મર્દાનગી. અરે ભાઈ, આ કોઈ મર્દાનગી નથી, આ તો ધીમી ગતિનું ઓટોમેટીક ડિસ્ટ્રક્શન છે. ગાડીનું એન્જિન જામ થઈ જાય તો નવું નંખાઈ જાય, પણ આ મગજનું એન્જિન એકવાર સીઝ થઈ ગયું ને, તો પટારા બંધ થઈ જતા વાર નથી લાગતી.

આપણે ક્યારેય શાંતિથી એ વિચાર્યું છે કે આપણને અચાનક નાની-નાની બાબતોમાં કેમ ગુસ્સો આવી જાય છે? ટ્રાફિકમાં કોઈ સામાન્ય વાહનચાલક આગળ નીકળી જાય તો કેમ આપણો પિત્તો છટકી જાય છે? અથવા તો આખો દિવસ સોફા પર પડ્યા રહેવાનું કેમ મન થાય છે? આ બધા કોઈ સામાન્ય મૂડ સ્વિંગ્સ નથી, આ એ જ 'ચેક ઇન્જિન' લાઈટો છે જે આપણા ભીતરના ડેશબોર્ડ પર ઝબકી રહી છે. પણ આપણી સમસ્યા એ છે કે આપણે એની ઉપર કાળી ટેપ લગાવી દઈએ છીએ જેથી એ લાઈટ દેખાય જ નહીં! આપણને એમ થઈ જાય છે કે ટેપ લગાવી દીધી એટલે ખરાબી મટી ગઈ. વાસ્તવમાં ખરાબી અંદર સડતી હોય છે અને બહારથી આપણે ગ્લોસી દેખાઈને દુનિયાને ભ્રમમાં રાખવાના ધેનમાં રહીએ છીએ. ફિલોસોફી ભલે ગમે તેટલી મોટી વાતો કરતી હોય, પણ અસલી જ્ઞાન તો પોતાની જાતને ઓળખવામાં જ રહેલું છે. હવે સમય આવી ગયો છે કે આ ગાડીને સમયસર ગેરેજે લઈ જવામાં આવે. આનો બિલકુલ અર્થ એ નથી કે કોઈ મોટી થેરાપી, આધ્યાત્મિક પ્રવચનો કે લાંબી ફિલોસોફીમાં ઉતરી જવું. આનો સાદો અને સરળ અર્થ એ છે કે પોતાની જાત સાથે થોડું સાચું બોલતા શીખવું. અઠવાડિયામાં એકાદ વાર તો એવી ફુરસદ કાઢવી જ્યાં મોબાઈલ સાઈલન્ટ હોય, દુનિયાની ભીડભાડ બિલકુલ દૂર હોય અને માત્ર પોતાની સાથે એકાંતમાં બેસીને એવું પૂછવાનું કે, 'બોલ ભાઈ, અંદર બધું બરાબર છે ને?' જો તમારું મન ના પાડે, તો એ અસ્વીકારને દબાવી દેવાને બદલે સ્વીકારી લેવામાં જ તમારી અસલી બહાદુરી અને શાણપણ છુપાયેલા છે.

દિવાળીના આ દિવસોમાં આપણે ઘરના ખૂણે-ખૂણેથી જાળાં ઝાપડીએ છીએ, સોફાના કવર બદલીએ છીએ અને રસોડાના ડબ્બા માંજીને એકદમ ચમકાવી દઈએ છીએ. બસ, આ જ લોજિક થોડુંક પોતાની અંદર પણ અપ્લાય કરવાની જરૂર છે. બહારના દિવાઓ તો આખી રાત અજવાળું આપવાના જ છે, પણ અંદરનો જે દીવો ઝિલકર થઈ રહ્યો છે, જે જબક-જબક થઈ રહ્યો છે, એના પર થોડું તેલ-પાણી નાંખવાની જવાબદારી કોઈ બીજાની નહીં, પણ આપણી પોતાની જ છે. ગાડી સારી રાખવી હોય તો મિકેનિક પાસે જવામાં આપણે ક્યારેય શરમ નથી રાખતા, તો પછી પોતાની જાતને સુધારવામાં કે આરામ આપવામાં નાનપ વળી શાની? ચાલો, આ નવા વર્ષે માત્ર ઘરના ડેશબોર્ડ નહીં, પણ પોતાના મનના ડેશબોર્ડને પણ એકવાર સ્કેન કરી લઈએ, કેમ કે ગાડી સરખી ચાલશે તો જ જિંદગીની આ લાંબી સફર આનંદથી ખેડાશે!

મનુષ્યની દ્વિવિધ ઓળખાણ 'ઓફલાઇન' અને 'ઓનલાઇન'

આપણી નજરે દેખાતી ભૌતિક અને સ્પર્શ્ય 'ઓફલાઈન' (વાસ્તવિક) દુનિયા અને બીજી, સ્ક્રીનની પેલે પાર ધબકતી અદ્રશ્ય, અસીમ અને આભાસી 'ઓનલાઈન' દુનિયા. આજે મોટેભાગના માણસો સવારે આંખ ખોલે ત્યારથી રાત્રે સુએ ત્યાં સુધી બેવડું જીવન જીવે છે. એક તરફ એના ઓફલાઈન જીવનમાં છે કુટુંબ, પાડોશીઓ, સામાજિક જવાબદારીઓ અને વાસ્તવિક જવાબદારીઓ : તો બીજી તરફ ઓનલાઈન જીવનમાં છે સોશિયલ મીડિયાની ચમકદમક, પ્રોફાઈલ પિક્ચર્સ, લાઈક્સ, કોમેન્ટ્સ અને સ્ટેટસની એક મોહક દુનિયા.

द्वौ भूतसर्गौ लोकेऽस्मिन् दैव आसुर एव च।

અર્થાત્ આ સંસારમાં બે પ્રકારના સ્વભાવ- પ્રકૃતિઓ છે – 'દૈવી' (સદ્ગુણી, સાત્વિક) અને આસુરી (દુષ્ટ, તામસિક/રાજસિક). દરેક મનુષ્યમાં આ બંને પ્રકૃતિઓનો સંઘર્ષ સતત ચાલતો રહે છે. મનુષ્યમાં રહેલી આ બંને પ્રકારની પ્રકૃતિનું સુંદર આલેખન સ્કોટિશ લેખક રોબર્ટ લુઇસ સ્ટીવન્સન દ્વારા લખાયેલી ૧૮૮૬માં પ્રકાશિત ડૉક્ટર જેકિલ એન્ડ મિસ્ટર હાઇડ નવલકથામાં છે.

આમ તો દરેક માણસમાં રહે આ બંને પ્રકારના જીવન ગીતા ભલે કહેતી હોય પણ આજે જ્યારે દુનિયા પ્રગતિના પંથે આગળ વધી રહી છે. ત્યારે સોશિયલ મીડિયા અને ઈન્ટરનેટના જમાનામાં પણ દરેક વ્યક્તિ એક સાથે બે જુદાંજુદાં વ્યક્તિત્વ કે જુદી-જુદી દુનિયામાં જીવી રહી છે – એક, આપણી નજરે દેખાતી ભૌતિક અને સ્પર્શ્ય 'ઓફલાઈન' (વાસ્તવિક) દુનિયા અને બીજી, સ્ક્રીનની પેલે પાર ધબકતી અદ્રશ્ય, અસીમ અને આભાસી 'ઓનલાઈન' દુનિયા. આજે મોટેભાગના માણસો સવારે આંખ ખોલે ત્યારથી રાત્રે સુએ ત્યાં સુધી બેવડું જીવન જીવે છે. એક તરફ એના ઓફલાઈન જીવનમાં છે કુટુંબ, પાડોશીઓ, સામાજિક જવાબદારીઓ અને વાસ્તવિક જવાબદારીઓ; તો બીજી તરફ ઓનલાઈન જીવનમાં છે સોશિયલ મીડિયાની ચમકદમક, પ્રોફાઈલ પિક્ચર્સ, લાઈક્સ, કોમેન્ટ્સ અને સ્ટેટસની એક મોહક દુનિયા. આજની દરેક વ્યક્તિ ઓનલાઈન દુનિયામાં સતત હાજર રહે છે; જ્યારે ઓફલાઈન દુનિયામાં તે હાજર હોવા છતાં પોતાની જાત સાથે જ ગેરહાજર હોય છે. તેના ફોટો



હસતા હોય પરંતુ મન ઉદાસ હોઈ શકે છે. તેની પાસે મિત્રયાદી લાંબી હોઈ શકે, પણ મનની વાત કહેવા માટે ક્યારેક તો એક નામ પણ શોધવું મુશ્કેલ થઈ જાય. આમ, આ બે પ્રકારનું જીવન જીવનારી આજની વ્યક્તિ માટે પ્રશ્ન એ છે કે આ બંનેની વચ્ચે સાચું જીવન ક્યાંક છૂટી તો નથી જતું ને?

મનનમ્



ડો. યોગેશ ગોરાને
આચાર્ય
વિનય મંદિર, દાંડી

ઓનલાઈન ઓફલાઈનના ચક્કરમાં સાવ એકલી પડેલી વ્યક્તિ પાસે આવી પડેલી મૂંઝવણ ઉકેલવા માટે જૂના સમયની જેમ આજે પહેલું આશ્રયસ્થાન ઘરની કોઈ વડીલ વ્યક્તિ કે નજીકનો મિત્ર નથી પણ આજે એનો પહેલો મિત્ર બને છે

ગૂગલ. કોઈ પ્રશ્ન ઊઠે, શરીરમાં કંઈક અસ્વસ્થતા લાગે કે મનમાં અજાણી ગૂંચ જન્મે– આંગળીઓ તરત સ્ક્રીન પર ફરવા લાગે અને તે સમાધાન શોધવા માટે ઓનલાઈન જીવનમાં વ્યસ્ત થઈ જાય. તરત જ સેકન્ડની બીજી ઘડીમાં જ એને કદાચ એની સમસ્યાનું કોઈક સમાધાન મળી જાય પણ એને સંતોષ મળે છે ખરો ? સેકન્ડોમાં મળતું સમાધાન અતિ મૂલ્યવાન છે જ કારણ કે એમાં જવાબ માટે કોઈની હાજરી કે કોઈના સમય ઉપર આધાર રાખવો પડતો નથી તેમજ આ ઓનલાઈન જીવનમાં એ નિઃશંક છે કે એને કોઈ શું કહેશે કે સમજશે એવો ડર રહેતો નથી. આમ, વ્યક્તિને તરત મળતા નિર્જીવ ઉકેલો અને વ્યક્તિની સાથે કોઈક સજીવનું હોવું અને વ્યક્તિને સમજવું એ બંને વચ્ચે મોટો તફાવત છે. કારણ કે ગૂગલ કે અન્ય ઓનલાઈન માધ્યમો કદાચ સારો રસ્તો બતાવી શકે, પણ સાથે ચાલી ન શકે. તે દુઃખ દૂર કરવાની માહિતી આપી શકે છે,

પરંતુ દુઃખમાં મૌન રહીને પણ સાથે રહેનાર સ્વજન તો ન જ બની શકે. મનુષ્યને ક્યારેક પ્રશ્નોનાં સાચા જવાબ નહીં પણ મનુષ્યની હાજરીની જરૂર હોય છે.

આજે ટેકનોલોજીને કારણે ઉકેલો તો સરળ બન્યા છે પણ મનુષ્ય ભીડમાં પણ એકલો થયો છે અને તે એકાકીપણાને કારણે આજે અનેક સમસ્યાઓ વધી છે, પણ સહનશક્તિ ઘટી છે. તેથી જ તો ભણેલાગણેલા લોકો પણ આત્મહત્યાના રસ્તે વળે છે. ઓનલાઈન આભાસી જીવનને કારણે એ પણ થઈ રહ્યું છે કે વ્યક્તિ આજે વાસ્તવિક જીવનની અપૂર્ણતાઓને સ્વીકારી શકતી નથી. તે ઓનલાઈન દુનિયાનાં ફિલ્ટર કરેલા (Filtered) અને ઉત્તમ દેખાતા જીવન સાથે વાસ્તવિકતાની સરખામણી કરવા પ્રયત્ન કરે છે. આમ, આ બેવડા જીવનને કારણે વ્યક્તિ પોતાના જ પડછાયા સાથે સંઘર્ષ કરતી હોય એવું લાગે છે. આપણે ક્ષણિક સંતોષ (Instant Gratification)ના ગુલામ બની રહ્યા છીએ. તેથી સહેજ પણ વિપરિત પરિસ્થિતિ આવે કે તરત જ આપણે માનસિક સંતુલન ગુમાવવા માંડીએ છીએ. પણ શું એનો વાંક માત્ર ઇંશ્ક્રિફૂ કે ઓનલાઈન જીવનને આપવો જોઈએ? કારણ કે આજે સમય અને શક્તિ અને નાણાંનો વ્યય કર્યા વિના પણ પ્રત્યેકને ઘરબેઠા અદ્ભુત જ્ઞાન અને સગવડ આ ટેકનોલોજી એ આપી છે એમાં છે કોઈ શંકા?

પરંતુ આ ટેક્નોલોજીએ આપણને માણસોથી દૂર અને મશીનોની નજીક લાવી દીધા છે. જે મિત્ર સાથે બેસીને હૃદયની વાત કરવાની હતી, તેની જગ્યા સર્ચ ઇન્જિનના અલ્ગોરિધમે લઈ લીધી છે

. આપણે ડિજિટલી કનેક્ટેડ છીએ પણ ભાવનાત્મક રીતે અત્યંત એકલા (Isolated) બની ગયા છીએ.આ સાંપ્રત પરિસ્થિતિ આપણને એક ગંભીર ચેતવણી આપે છે.

ઓનલાઈન દુનિયા અને Googleનો ઉપયોગ ચોક્કસપણે એક સાધન તરીકે હોવો જોઈએ, પણ તે આપણા જીવનનાં સ્વામી ન બનવા જોઈએ.

ગુજરાત સરકારનો મોટો નિર્ણય

દિવાળી પર્વ નિમિત્તે ૧૪૩ કેદીઓને ૧૫ દિવસના પેરોલ મંજૂર કરાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

ગાંધીનગર, તા.૧ : રાજ્ય સરકારની કેદી કલ્યાણ પ્રવૃત્તિઓ અને જેલ સુધારણા યોજનાના ભાગરૂપે દિવાળી પર્વ નિમિત્તે કેદીઓને પરિવાર સાથે તહેવાર ઉજવવાની તક આપવા માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યની જેલોમાં સજા ભોગવી રહેલા પાત્રતા ધરાવતા ૧૪૩ કેદીઓને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ૧૫ દિવસના દિવાળી પેરોલ મંજૂર કરવામાં આવ્યા છે.

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૩થી પ્રતિવર્ષ દિવાળીના તહેવાર નિમિત્તે કેદીઓને ૧૫ દિવસની પેરોલ રજા મંજૂર કરવામાં આવે છે. આ નીતિ અન્વયે પાત્રતા ધરાવતા મહિલા કેદીઓ તેમજ ૬૦ વર્ષ કે તેથી વધુ વયના પાત્રતા ધરાવતા પુરુષ કેદીઓ પોતાના પરિવારજનો સાથે ખુશાલીથી દિવાળી ઉજવી શકે તે હેતુથી આ લાભ આપવામાં આવે છે. આ વર્ષે રાજ્ય સરકારની મંજૂરી અન્વયે પાત્રતા ધરાવતા ૬૦ વર્ષ કે તેથી વધુ વયના ૧૦૩ પુરુષ કેદીઓ અને ૪૦ મહિલા કેદીઓ મળી કુલ ૧૪૩ કેદીઓને ધનતેરસના દિવસથી, એટલે કે તા. ૦૬/૧૧/૨૦૨૬થી ૧૫ દિવસ માટે દિવાળી પેરોલ પર મુક્ત કરવાનો નિર્ણય કરાયો છે. જેલ ડીજીપી ડૉ. કે.એલ.એન રાવે જણાવ્યું છે કે, રાજ્ય સરકારના નિયમો અનુસાર ગંભીર ગુનાના કેદીઓને દિવાળી પેરોલ રજાનો લાભ આપવામાં આવતો નથી. જેમાં ખાસ કરીને હાઈકોર્ટમાં અપીલ પેન્ડિંગ હોય તેવા કેદીઓ, એન.આર.આઈ. કેદીઓ તથા અન્ય રાજ્યના વતની હોય તેવા કેદીઓ, NDPS એક્ટ, ટાડા તેમજ પોટા હેઠળ સજા ભોગવી રહેલા કેદીઓ, આતંકવાદી પ્રવૃત્તિઓ અથવા રાજ્યના અર્થતંત્રને નુકસાન પહોંચાડતી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા કેદીઓ, એક કરતાં વધુ ગુનાઓમાં સજા પામેલા કેદીઓ, બળાત્કાર, અપહરણ, લૂંટ, ધાડ, ચોરી કે નાણાં પડાવવા જેવા ગંભીર અને સમાજવિરોધી ગુનાઓમાં સંડોવાયેલા કેદીઓ અને જેમના પર પ્રતિબંધાત્મક હુકમો લાગુ કરવામાં આવ્યા હોય તેવા કેદીઓને દિવાળી પેરોલ રજાનો લાભ આપવામાં આવતો નથી.

ધરમપુર-કપરાડા-નાનાપોંઢા તાલુકા વિશેષ

આપનું અખબાર : આપનો અવાજ DGT

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ધરમપુર - 9427189098, નાનાપોંઢા - 8141323913

- ધરમપુર
- નાનાપોંઢા
- કપરાડા
- મોટાપોંઢા

ચોમાસાની વહેલી વિદાયને કારણે જમીનમાં ભેજનું પ્રમાણ ઘટતા ખેડૂતો ચિંતિત બન્યા

કપરાડા-નાનાપોંઢામાં શિયાળુ પાક નું વાવેતર ઘટવાની શક્યતા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

કપરાડા, તા.૦૧ : વલસાડ જિલ્લાના કપરાડા - નાનાપોંઢા તાલુકાના મોટાભાગના ખેડૂતો ચોમાસામાં દરમિયાન ડાંગરનું વાવેતર કરે છે. ચાલુ વર્ષમાં ચોમાસાએ વધુ વહેલી વિદાય લેતા ખેડૂતોનાં ડાંગરનો પાક માંડ માંડ પાક્યો હતો. પિયતની સુવિધા ધરાવતા ખેડૂતોએ પાણી મૂકી પાકને બચાવ્યો હોવાનું જાણવા મળે છે. જ્યારે અસંખ્ય ખેડૂતો માત્ર વરસાદી પાણી પર જ આધારિત હોય તેઓનો પાક પાણીના અભાવે નાશ પામ્યો હોવાની વિગત મળવા પામી છે. ત્યારે ખેડૂતો માટે ચિંતા વધારનારી બાબત એ છે કે, દરવર્ષે ખેડૂતો ડાંગરના પાકની કાપણી બાદ જમીનમાં ભેજનું પ્રમાણ હોવાથી તરત જ ખેડ કરી તુવેર, ચણા, વાલ, ઉપરાંત અન્ય કઠોળ વર્ગના શિયાળુ પાકનું પુષ્કળ વાવેતર કરવામાં આવતું હતું. ચાલુ વર્ષનું ચોમાસું વહેલું વિદાય લેતા જમીન સૂકી થઈ જતાં ભેજનું પ્રમાણ રહ્યું નથી છે. જેથી ખેડ કરવા યોગ્ય રહી નથી હોવાનું જાણવા મળી છે. જમીનમાં ભેજના અભાવે તુવેર, ચણા જેવા પાકો ઊગી શકતા નથી જેને લઈ કપરાડા - નાનાપોંઢા તાલુકામાં શિયાળું પાકનું વાવેતર ઘટવાની શક્યતા વચ્ચે ખેડૂતો ચિંતિત બન્યા છે. ઉલ્લેખનીય છે. ગુજરાત રાજ્યમાં અન્ય જિલ્લાઓમાં વરસાદ ખૂબ ઓછો હોવાને લઈ દુષ્કાળ જેવી સર્જતા ખેડૂતો દ્વારા દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માંગને પગલે સરકારે કેટલાક જિલ્લાઓમાં દુષ્કાળ જાહેર કર્યા છે. ત્યારે વલસાડ જિલ્લામાં કપરાડા નાનાપોંઢાના ગ્રામ્ય વિસ્તારમાં પણ ખેડૂતોની સ્થિતિ દયનીય છે. એમ કહેવું કોઈ ખોટું નથી. આ વિસ્તારના મોટાભાગના ખેડૂતો વરસાદી ખેતી કરતા હોય છે. ચોમાસા દરમિયાન પડેલો વરસાદ બાદ પાક તૈયાર થયાના ટાણે જ સોમાચા એ વહેલી વિદાય લઈ દીધી હતી. જેને લઈ પિયતની સગવડ વાળા ખેડૂતો એ પાણી મૂકી પાક ને જીવાડી તૈયાર કર્યો હોવાનું જાણવા મળે છે.પરંતુ કપરાડા તાલુકા ના આંતરિયા વિસ્તાર ના ગામો માં ડાંગર ઉપરાંત તુવેર જેવા પાકોને વ્યાપક નુકશાન થયું હોવાની વિગત મળવા પામી છે. ડાંગરના પાકની કંઠી નીકળવાની શરૂઆતમાં જ વરસાદે સંપૂર્ણ વિરામ લઈ લેતા પાક સુકાઈ નાશ પામ્યો હોવાનું પણ જોવા મળે છે. જેને લઈ ખેડૂતો માટે ચોમાસુ સારું રહ્યું નથી. આ ઉપરાંત વરસાદે વહેલી વિદાય લેતા શિયાળું પાકનું વાવેતર પણ ખેડૂતો કરી સંખ્યા નથી હોવાનું જાણવા મળે છે. જેને લઈ ખેડૂતો માટે ચોમાસુ સારું રહ્યું નથી. આ ઉપરાંત વરસાદે વહેલી વિદાય લેતા શિયાળું પાકનું વાવેતર પણ ખેડૂતો કરી સંખ્યા નથી હોવાનું જાણવા મળે છે. જેને લઈ ખેડૂતોને બધી રીતે નુકશાન થયું હોવાનું જાણવા મળે છે. જે અંગે સરકાર દ્વારા જે તે ગામો માં સરવે કરવા માં આવે અને ખેડૂતો માટે સહાયક બને તેવી માંગ ઉઠી રહી છે.

નાનીવહીયાળની 'ક્યારો ધ સ્માર્ટ લાઈબ્રેરી'ને પુસ્તકોની ભેટ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

નાનાપોંઢા, તા. ૦૧ : બાળપણથી જ વાંચનની રુચિ વધે, સાહિત્યના વાંચન દ્વારા વ્યક્તિત્વનો વિકાસ થાય એવા હેતુથી પુસ્તક પરબ, વલસાડ દ્વારા નાનીવહીયાળ ગામની 'ક્યારો ધ સ્માર્ટ લાઈબ્રેરી'ને ૪૧૧ પુસ્તકો ભેટ આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમનું આયોજન પુસ્તક પરબના ચેરપર્સન ડૉ. આશા ગોહિલ, હાર્દિક પટેલ, દીપકભાઈ મર્ચન્ટ, ટીના પટેલ, સુનીતા ઢીમર, હાર્મિન પટેલ તથા સમગ્ર ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગામના પૂર્વ સરપંચ દિલીપભાઈ પટેલ, રેઈનબો વોરિયર્સ ગ્રુપના સભ્ય જુગલભાઈ પટેલ, સામાજિક કાર્યકર્તા રાહુલભાઈ પટેલ સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં. પુસ્તક પરબના ચેરપર્સન ડૉ. આશા ગોહિલે પુસ્તક પરબની પ્રવૃત્તિઓનો પરિચય આપતાં વાંચનનું મહત્ત્વ સમજાવ્યું હતું. તેમણે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેનાં પુસ્તકોની સાથે સાહિત્યનું વાંચન પણ જરૂરી હોવાનું જણાવ્યું હતું. GPSC પાસ કરનાર રાહુલભાઈ પટેલે પોતાના અભ્યાસના અનુભવો રજૂ કર્યા હતા. એ રીતે દીપકભાઈ મર્ચન્ટે, હાર્દિક પટેલે, ટીના પટેલે પણ પોતાના વિચારો અને અનુભવો વ્યકત કર્યા હતાં.

ગામના પૂર્વ સરપંચ દિલીપભાઈ પટેલ, રાહુલભાઈ, જુગલભાઈ સહિત ઉપસ્થિત મહાનુભાવોએ પુસ્તક પરબ, વલસાડ દ્વારા કરવામાં આવતી વાંચન પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

બાબરખડકમાં ઓવરલોડ ડેમ્પોરથી રાહદારીઓની સુરક્ષા જોખમમાં

બેફામ ઝડપે દોડતા ક્વોરીના ડમ્પરોથી ધૂળની ડમરીઓ, તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવાની ગ્રામજનોની માંગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

નાનાપોંઢા, તા. ૦૧ : નાનાપોંઢા તાલુકાના બાબરખડક ગામના ગ્રામ્ય માર્ગો પર ક્વોરીના ઓવરલોડ ડમ્પર ટ્રકો બેફામ રીતે દોડી રહ્યા હોવાની ફરિયાદો ઉઠી છે.

ક્વોરી ખાણમાંથી મોટા પથ્થરો ભરીને નીકળતા ડમ્પર ચાલકો પૂરઝડપે વાહનો હંકારતા હોવાથી રસ્તા પરથી પસાર થતા રાહદારીઓ તેમજ નાના વાહન ચાલકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

ડમ્પરોની અવરજવર દરમિયાન ઊડતી ધૂળની ડમરીઓના કારણે સ્થાનિક રહેવાસીઓ, રાહદારીઓ અને વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ઓવરલોડ પથ્થરો ભરીને બેફામ ઝડપે દોડતા ડમ્પરનો એક વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.

આ સમગ્ર મામલે ખાણ-ખનીજ વિભાગ, આરટીઓ વિભાગ અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક ધ્યાન આપવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે. ગ્રામ્ય વિસ્તારોમાં ખાનગી રાહે પેટ્રોલિંગ કરી ઓવરલોડ વાહનો તથા નિયમોનો ભંગ કરતા ચાલકો સામે તપાસ કરી કાયદેસરની કાર્યવાહી અને દંડ ફટકારવામાં આવે તેવી ગ્રામજનોની માંગ છે.

કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના હસ્તે

નાનાપોંઢામાં ગ્રામપંચાયત કચેરી અને 'નંદ ઘર આંગણવાડી'નું લોકાર્પણ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૧ : કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના હસ્તે નાનાપોંઢા લુહાર ફળિયામાં ગુજરાત એનર્જીના સહયોગથી નિર્મિત આધુનિક 'નંદ ઘર આંગણવાડી' અને નવનિર્મિત નાનાપોંઢા ગ્રામ પંચાયત કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. બાળકોનું સ્વાસ્થ્ય, પોષણ, શિક્ષણ અને સર્વાંગી વિકાસ એ સુવિકસિત સમાજના નિર્માણનો પાયો છે. બાળપણથી જ બાળકોને યોગ્ય પોષણ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.

આ અવસરે ધારાસભ્યે જણાવ્યું હતું કે, નંદ ઘર જેવી આધુનિક આંગણવાડીઓ ગ્રામ્ય વિસ્તારનાં બાળકોને શિક્ષણ, આરોગ્ય અને પોષણની વધુ સારી સુવિધાઓ પૂરી પાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેમણે સરકારની વિકાસલક્ષી પહેલોમાં સામાજિક સંસ્થાઓ અને ઉદ્યોગોનો સહયોગ ગ્રામ્ય વિકાસને નવી ગતિ આપે છે. આ ઉમદા કાર્યમાં સહભાગી બનવા બદલ ગુજરાત એનર્જીનો આભાર વ્યક્ત કર્યો હતાં. ધારાસભ્યે ગ્રામ પંચાયત લોકાર્પણ અવસરે નવીન ગ્રામ પંચાયત કચેરીના નિર્માણથી સ્થાનિક નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ એક જ સ્થળેથી સરળતાથી અને સુવિધાજનક રીતે ઉપલબ્ધ થશે અને ગ્રામ્ય વિસ્તારોમાં આધુનિક સુવિધાઓનો વ્યાપ વધે, વહીવટી વ્યવસ્થા વધુ સુદૃઢ બને અને નાગરિકોને ઘરઆંગણે જ સરકારી સેવાઓનો લાભ મળે તેવા હેતુ રાજ્ય સરકારનો હોવાનું જણાવ્યું હતું. આ પ્રસંગે સ્થાનિક પદાધિકારીઓ, આગેવાનો, અધિકારીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ધરમપુરમાં 'પીએમ કિસાન સન્માન નિધિ' કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા. ૦૧ : ધરમપુર તાલુકાના હનમતમાળ ખાતે ધારાસભ્ય અરવિંદભાઈ પટેલની અધ્યક્ષતામાં પીએમ કિસાન ઉત્સવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી દેશના ખેડૂતોને સંબોધન કરી પીએમ કિસાન સન્માન નિધિ યોજનાના ૨૪મા હપ્તાની રકમ DBT મારફતે પાત્ર ખેડૂતોના બેંક ખાતામાં જમા કરાવી હતી. દિવાળીના પર્વ નિમિત્તે મળેલી આ આર્થિક સહાયથી ધરમપુર તાલુકાના ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. આ પ્રસંગે ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે જણાવ્યું હતું કે, ખેડૂતોનું કલ્યાણ અને તેમની આર્થિક સમૃદ્ધિ સરકારની પ્રાથમિકતા છે. પીએમ કિસાન યોજના ખેડૂતોને આર્થિક રીતે સશક્ત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂતો, સ્થાનિક આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

કાકડકોપરમાં પીએમ-કિસાન ઉત્સવ દિવસની ઉજવણી થઈ

(દમણગંગા ટાઈમ્સ)

કપરાડા, તા. ૦૧ : કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને કાકડકોપર ગામે પીએમ કિસાન ઉત્સવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી સહિત મોટી સંખ્યામાં ખેડૂતો અને સરકારી તંત્રના અધિકારીઓએ ઉપસ્થિત રહી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કાર્યક્રમને નિહાળ્યો હતો. ખેતીવાડી શાખા, જિલ્લા પંચાયત વલસાડ દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ



દરમિયાન ધારાસભ્ય જીતુભાઈએ પીએમ-કિસાન યોજનાના હેતુ, ખેડૂતોને મળતી આર્થિક સહાય અને કૃષિ વિકાસ અંગેની માહિતી આપી હતી. આ કાર્યક્રમથી ખેડૂતોને કેન્દ્ર સરકારની વિવિધ કૃષિલક્ષી યોજનાઓ વિશે જાણકારી મળી હતી.

ગ્રા.પં.ની ચૂંટણીના પડઘમથી ગામડાંઓમાં ગરમાટો

ગ્રામપંચાયતની આગામી ચૂંટણી નજીક આવવાની સાથે જ ગ્રામ્ય વિસ્તારોમાં રાજકીય હલચલ અને ચૂંટણીલક્ષી ચહલપહલમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. હજુ ચૂંટણીની સત્તાવાર પ્રક્રિયા અને ઉમેદવારીના ચિત્રને સ્પષ્ટ થવામાં સમય બાકી છે, પરંતુ ગામેગામ અત્યારથી જ ચૂંટણીનો માહોલ જામવા લાગ્યો છે. ખાસ કરીને સરપંચ અને સભ્યપદ માટે કોણ ઉમેદવારી નોંધાવશે, કોને ગામના લોકોનું સમર્થન મળશે અને કયા જૂથ કે પક્ષ તરફથી કોને આગળ કરવામાં આવશે તે મુદ્દે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

ગામડાઓમાં ઉમેદવારોની પસંદગી માટે બેઠકો યોજાવા લાગી છે. વિવિધ સામાજિક જૂથો, આગેવાનો અને રાજકીય કાર્યકરો દ્વારા સંભવિત ઉમેદવારો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી રહી છે. કેટલીક જગ્યાએ એક જ બેઠકમાં અનેક લોકોની ઉમેદવારી માટેની ઇચ્છા સામે આવી રહી છે. જેના કારણે ચૂંટણી પહેલાં જ ગામડાઓમાં રાજકીય સમીકરણો રચાવા લાગ્યાં છે. ચૂંટણીની આ શરૂઆતની હલચલ વચ્ચે એક ગામમાંથી જાણવા મળતી માહિતી પ્રમાણે એક જ પક્ષના સમર્થન તરફી અગિયારથી વધુ ઉમેદવારો ચૂંટણી લડવા માટે તૈયાર હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જો એક જ પક્ષ તરફથી આટલી મોટી સંખ્યામાં દાવેદારો સામે આવી રહ્યા હોય તો અન્ય પક્ષો અને સ્વતંત્ર ઉમેદવારો પણ મેદાનમાં ઉતરશે ત્યારે એક જ ગામમાં કુલ કેટલા ઉમેદવારો ચૂંટણી લડશે તેવો સવાલ સ્વાભાવિક રીતે ઊભો થઈ રહ્યો છે. આ સ્થિતિમાં ઉમેદવારોની સંખ્યા વધવાની સાથે ચૂંટણી વધુ રસપ્રદ અને રસાકસીભરી બને તેવી શક્યતા છે.

કયાંક જૂના ઉમેદવારોની પુનરાવર્તનની ચર્ચા, તો ક્યાંક નવા ચહેરાની માંગ

આગામી ગ્રામપંચાયત ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી અંગે ગામેગામ અલગ-અલગ અભિગમ જોવા મળી રહ્યા છે. કેટલાક ગામોમાં અગાઉ સરપંચ કે સભ્ય તરીકે રહી ચૂકેલા ઉમેદવારોને ફરી તક આપવાની ચર્ચા ચાલી રહી છે. તેમના અગાઉના કાર્યકાળ, ગામમાં કરેલાં વિકાસકાર્યો, લોકો સાથેનો સંપર્ક અને ગામના પ્રશ્નો અંગેની તેમની સમજણને ધ્યાનમાં રાખીને પુનરાવર્તન અંગે વિચારણા થઈ રહી છે.

બીજી તરફ કેટલાક ગામોમાં જૂના ચહેરાઓને બદલે નવા અને ઉત્સાહી ઉમેદવારોને તક આપવાની માંગ પણ ઊઠી રહી છે. લાંબા સમયથી ગામના વિકાસ માટે નવી દિશાની જરૂરિયાત અનુભવતા લોકો હવે પરિવર્તનના પક્ષમાં પોતાનો મત રજૂ કરી રહ્યા છે. તેમના મતે ગામના વિકાસ માટે નવી વિચારસરણી, નવી કાર્યશૈલી અને યુવાનોની ભાગીદારી જરૂરી છે.

આમ, એક તરફ અનુભવને પ્રાધાન્ય આપવાની વિચારધારા છે તો બીજી તરફ નવી પેઢીને જવાબદારી સોંપવાની અપેક્ષા છે. આ બંને વિચારધારાઓ વચ્ચે આગામી દિવસોમાં ઉમેદવારોની પસંદગી કેવી રીતે થાય છે તે જોવું રસપ્રદ રહેશે.

યુવાન, શિક્ષિત અને ધારદાર રજૂઆત કરી શકે એવા સરપંચની અપેક્ષા

આ વખતે ગ્રામ્ય વિસ્તારોમાં સરપંચની પસંદગી અંગે લોકોની અપેક્ષાઓમાં પણ બદલાવ જોવા મળી રહ્યો છે. કેટલાક ગામોમાં લોકો યુવાન, શિક્ષિત, સમજદાર અને ગામના પ્રશ્નોની ધારદાર રજૂઆત કરી શકે એવા સરપંચની માંગ કરી રહ્યા છે. માત્ર ચૂંટણી જીતવા માટે નહીં, પરંતુ ચૂંટણી બાદ ગામના વિકાસ માટે સક્રિય રીતે કામ કરી શકે તેવા ઉમેદવારને પ્રાધાન્ય આપવાની વાતો થઈ રહી છે.

આજના સમયમાં ગ્રામપંચાયતની જવાબદારીઓ માત્ર રસ્તા, ગટર, પાણી અને સફાઈ પૂરતી મર્યાદિત રહી નથી. ગામમાં શિક્ષણ, આરોગ્ય, પીવાના પાણીની વ્યવસ્થા, સ્વચ્છતા, સરકારી યોજનાઓનો લાભ, રોજગારી, આંતરિક રસ્તાઓ, સ્ટ્રીટલાઇટ, આવાસ અને અન્ય પાયાની સુવિધાઓ જેવા અનેક -ોનો સામનો કરવો પડે છે.



નાનાપોંઢાનો પત્ર

ડો. બાબુ ચૌધરી, નાનાપોંઢા

આવા સંજોગોમાં સરપંચને સરકારી કચેરીઓમાં ગામના પ્રશ્નોની અસરકારક રજૂઆત કરતાં આવડવું જોઈએ. અધિકારીઓ સાથે સંકલન રાખી શકે, સરકારી યોજનાઓની માહિતી મેળવી શકે અને ગામના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહે તેવી વ્યક્તિને લોકો પસંદ કરવા ઇચ્છે છે.

ખાસ કરીને શિક્ષિત અને યુવાન સરપંચ હોય તો નવી ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ગ્રામપંચાયતની કામગીરી વધુ પારદર્શક અને ઝડપી બનાવી શકે તેવી આશા પણ લોકો રાખી રહ્યા છે. જોકે માત્ર યુવાન કે શિક્ષિત હોવું પૂરતું નથી, પરંતુ ઉમેદવારમાં પ્રામાણિકતા, જવાબદારી, લોકસંપર્ક અને સેવાભાવ પણ હોવો એટલો જ જરૂરી છે.

જૂથબંધી અને સમર્થનના સમીકરણો પણ બનશે મહત્ત્વનાં

ગ્રામપંચાયતની ચૂંટણીમાં ગામની આંતરિક જૂથબંધી, સામાજિક સમીકરણો અને વ્યક્તિગત લોકપ્રિયતા પણ મહત્ત્વની ભૂમિકા ભજવતી હોય છે. ઘણી વખત પક્ષના સમર્થન કરતાં ઉમેદવારની પોતાની લોકપ્રિયતા અને ગામના લોકો સાથેના સંબંધો વધુ અસરકારક સાબિત થતા હોય છે.

કેટલાક ગામોમાં એક જ વિચારધારા ધરાવતા લોકો વચ્ચે પણ ઉમેદવારી માટે સ્પર્ધા ઊભી થતી હોય છે. એક જ જૂથમાંથી અનેક ઉમેદવારો તૈયાર થાય ત્યારે કોને સમર્થન આપવું તે મુદ્દે મતભેદ સર્જાઈ શકે છે. બીજી તરફ કેટલાક ગામોમાં સર્વસંમતિથી એક જ ઉમેદવાર નક્કી કરવાનો પ્રયાસ પણ થઈ શકે છે. આવી સ્થિતિમાં ઉમેદવારોની પસંદગી દરમિયાન ગામના આગેવાનો અને વડીલોની ભૂમિકા પણ મહત્ત્વની બની રહેશે. ઉમેદવારોની સંખ્યા વધશે તો મતવિભાજનનું ગણિત પણ બદલાઈ શકે છે. પરિણામે ચૂંટણીમાં કોણ કોને પડકાર આપશે તે અંગે અત્યારથી જ અટકળો શરૂ થઈ ગઈ છે.

ગામના વિકાસના મુદ્દા ચૂંટણીના કેન્દ્રમાં રહેશે?

આગામી ચૂંટણીમાં ઉમેદવારો માટે સૌથી મોટો પડકાર ગામના લોકોનો વિશ્વાસ જીતવાનો રહેશે. માત્ર પક્ષનું સમર્થન કે વ્યક્તિગત ઓળખના આધારે ચૂંટણી જીતવી સરળ રહેશે નહીં. ગામમાં અત્યાર સુધી થયેલાં વિકાસકાર્યો અને બાકી રહેલા પ્રશ્નો અંગે લોકો ઉમેદવારોને સવાલ કરી શકે છે.


પીવાના પાણીની સમસ્યા, રસ્તાઓની સ્થિતિ, ગટર વ્યવસ્થા, શૈક્ષણિક સુવિધાઓ, આરોગ્ય સેવાઓ, ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને સરકારી યોજનાઓનો લાભ તથા ગામની સ્વચ્છતા જેવા મુદ્દાઓ ચૂંટણીમાં મહત્ત્વના બની શકે છે.

મતદારો પણ હવે ઉમેદવારો પાસેથી માત્ર વચનો નહીં, પરંતુ ગામના વિકાસ માટે સ્પષ્ટ વિચાર અને કાર્યયોજના અપેક્ષા રાખી રહ્યા છે. ચૂંટણી પહેલાં કરવામાં આવતાં વચનો અને ચૂંટણી બાદ થતી કામગીરી વચ્ચેનો તફાવત પણ લોકો માટે વિચારવાનો મુદ્દો બની શકે છે.

આવનારા દિવસોમાં ચૂંટણીનું ચિત્ર વધુ સ્પષ્ટ થશે

હાલ તો ગ્રામ્ય વિસ્તારોમાં બેઠકો, ચર્ચાઓ, સંભવિત ઉમેદવારોની યાદીઓ અને સમર્થન મેળવવાના પ્રયાસોનો દોર શરૂ થયો છે. ક્યાંક જૂના ઉમેદવારો ફરી મેદાનમાં આવવાની તૈયારી કરી રહ્યા છે, તો ક્યાંક નવા ચહેરાઓ પોતાની દાવેદારી મજબૂત બનાવી રહ્યા છે. એક જ ગામમાં અગિયારથી વધુ ઉમેદવારો તૈયાર હોવાની ચર્ચાએ ચૂંટણીની શરૂઆતમાં જ ઉત્સુકતા વધારી છે. હવે જોવાનું એ રહેશે કે આવનારા દિવસોમાં ક્યા ગામમાં કેટલા ઉમેદવારો મેદાનમાં ઉતરે છે, ક્યા ઉમેદવારને કોનું સમર્થન મળે છે અને લોકો જૂના અનુભવને પસંદ કરે છે કે નવા યુવા ચહેરાઓને તક આપે છે. એકંદરે ગ્રામપંચાયતની ચૂંટણીને લઈને ગામડાઓમાં અત્યારથી જ રાજકીય ગરમાવો વધ્યો છે. આગામી દિવસોમાં ઉમેદવારોની પસંદગી અને ચૂંટણીલક્ષી ગતિવિધિઓ વધુ તેજ બનશે તેવા સંકેતો મળી રહ્યા છે. હવે ગામના મતદારો કોના હાથમાં ગામના વિકાસની જવાબદારી સોંપે છે અને કોણ લોકોની અપેક્ષાઓ પર ખરું ઉતરે છે તે ચૂંટણીનાં પરિણામો જ નક્કી કરશે.

ભંડારકચ્છ પ્રા.શાળાના પૂર્વ આચાર્ય અને શિક્ષકનું વિદાય સન્માન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

કપરાડા. તા.૧ : નાનાપોંઢા તાલુકાના ભંડારકચ્છ તળાવપાડા સ્થિત ચાલતી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા પૂર્વ આચાર્ય અને શિક્ષક દયાળભાઈ સોનજીભાઈ બિરારી વયમર્યાદાના કારણે ફરજ નિવૃત થયા હતાં. શિક્ષણના કાર્યકાળ દરમિયાન દયાળભાઈએ કરેલી ઉમદા કાર્યને બિરદાવવા શાળાના શિક્ષકો, એસએમસી સભ્યો અને ગ્રામજનો દ્વારા સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના પૂર્વ મંત્રી અને ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી અને નાનાપોંઢા તાલુકાના પ્રમુખ મનીષાબેન પટેલની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો. દયાળભાઈ બિરારી એક કર્મઠ, ઉત્સાહી શિક્ષક તરીકે છાપ ધરાવતા હતાં. શાળા સંકુલના વિકાસ માટેનું અથાગ પ્રયાસ કર્યો હતો. ગ્રામજનો સાથેનો સુમેળભર્યા સ્વભાવ થકી શાળામાં બાળકો અને વાલીઓ માટેનું આકર્ષણ વધ્યું હવાનું જાણવા મળે છે. દયાળભાઈ બિરારીએ ડાંગ, કપરાડાના દીક્ષલ પ્રાથમિક શાળા બાદ ભંડારકચ્છ તલાવપાડા પ્રાથમિક શાળા ખાતે ૩૭ વર્ષની શિક્ષણ કાર્યની સફરમાં અનેક શિક્ષણ સાથે અનેક વહીવટી શ્રેષ્ઠ કામગીરી કરી હતી. દયાળભાઈની કામગીરીને બિરદાવવા ગામના સરપંચ ગંગાભાઈ ગાંવિત, પૂર્વ સરપંચ હમીદભાઈ મકરાણી, નાનાપોંઢા તાલુકા પંચાયત ન્યાય સમિતિ અધ્યક્ષા કલ્પનાબેન ભસરા,પૂર્વ સરપંચ અને તાલુકા પંચાયત સભ્ય બાબનભાઈ રાઉત, સામાજિક કાર્યકર ધર્માભાઈ ભુરકુંડ, જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના કાર્યાધ્યક્ષ પ્રદીપભાઈ પટેલ, બીઆરસી વિશ્લાનભાઈ મેકવાન, પૂર્વ જિલ્લા સંઘના મહામંત્રી બાલુભાઈ એન. પટેલ સહિતના આગેવાનો ગ્રામજનો, એસએમસી સભ્યો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી દયાળભાઈના કામગીરીને બિરદાવી નિવૃત જીવન માટે શુભકામના પાઠવી હતી. આ કાર્યક્રમનું સંચાલન કોઠાર ખોરી ફ. પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક ગણેશભાઈ ગાંવિત દ્વારા કરવામાં આવ્યું હતું.

નાનાપોંઢા કોંગ્રેસમાં ૪ આગેવાનોને કારણદર્શક નોટીસ ફટકારી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

નાનાપોંઢા, તા. ૦૧ : નાનાપોંઢા તાલુકા કોંગ્રેસમાં આંતરિક વિખવાદ સામે આવતાં રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે. તાલુકા કોંગ્રેસ પ્રમુખ હરેશ પટેલે ચાર જેટલા આગેવાનોને કારણદર્શક નોટિસ ફટકારી હોવાનું જાણવા મળ્યું છે. પ્રમુખ પદ અને સંગઠનના આંતરિક પ્રશ્નોને લઈને ઊભા થયેલા મતભેદોના પગલે પક્ષના હોદેદારો તેમજ કાર્યકરોમાં મૂંઝવણની સ્થિતિ સર્જાઈ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આવનારી ગ્રામ પંચાયતની ચૂંટણીઓ પહેલાં કોંગ્રેસમાં જૂથબંધીની ચર્ચાએ સંગઠનની એકતા સામે સવાલો ઊભા કર્યા છે. તાલુકા સ્તરે બે જૂથો સક્રિય હોવાની ચર્ચા વચ્ચે સંગઠનના કાર્યક્રમોમાં પણ અનિશ્ચિતતા જોવા મળી રહી છે. બીજી તરફ, સમગ્ર મામલે જિલ્લા કોંગ્રેસ સંગઠનના હોદેદારોની ભૂમિકા અંગે પણ સ્થાનિક રાજકીય વર્તુળોમાં સવાલો ઉઠી રહ્યા છે. જોકે, જિલ્લા સંગઠન તરફથી આ વિવાદ અંગે કોઈ સત્તાવાર સ્પષ્ટતા સામે આવી છે કે નહીં, તે અંગે પુષ્ટિ જરૂરી છે.

નાનાપોંઢા તાલુકામાં કોંગ્રેસની જૂથબંધીથી ભાજપ અને આમ આદમી પાર્ટીને રાજકીય લાભ મળવાની શક્યતા અંગે પણ ચર્ચા ચાલી રહી છે. હવે પક્ષનું જિલ્લા નેતૃત્વ આ વિવાદમાં કેવો હસ્તક્ષેપ કરે છે અને કાર્યકરોને એકજૂથ કરવામાં કેટલું સફળ રહે છે, તેના પર સૌની નજર છે.

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Monday 02, November 2026

સાયબર ઠગાઈમાં બેંકોને જવાબદાર ઠેરવતી સુપ્રીમ

ડિજિટલ બેંકિંગ વ્યવહારોના સતત વધતાં જતાં ચલણની સાથોસાથ સાયબર ગુનાખોરીનો વ્યાપ પણ ચિંતાજનક રીતે વધી રહ્યો છે. સાયબરગઠિયાઓ હવે સંખ્યાબંધ કારસા દ્વારા લોકોની બચતમાં ઓનલાઈન ધાડ પાડીને સતત પડકાર ઊભા કરતા થયા છે. આવી ઓનલાઈન ઠગાઈના કારસામાં હવે ડિજિટલ એરેસ્ટનું પરિમાણ ઉમેરાયું છે. ઓનલાઈન વપરાશકારોને કાયદાનો ડર બતાવીને ડિજિટલ એરેસ્ટ કરીને તેમની જીવનમૂડી સાફ કરી જતા ગઠિયાઓએ હવે આ ચિંતામાં વધારો કર્યો છે. આમ તો પોલીસ સહિતની એજન્સીઓ આવા ગુનેગારોને ઝડપવા સતત મથતી રહે છે, પણ ભાગ્યે જ કોઈએ ધ્યાન આપ્યું છે કે, આવા ઓનલાઈન ઠગો તેમની આ લૂંટની રકમ બેંકોના ખાતાની વાટે મેળવે છે. હવે સર્વોચ્ચ અદાલતે આવા મામલામાં બેંકોની જવાબદારી સામે કડક સવાલ ખડા કર્યા છે. સર્વોચ્ચ અદાલતે હવે સ્પષ્ટ કર્યું છે કે, બેંકોની લાપરવાહીથી ઠગાઈ થાય તો તેમણે પીડિતોને વળતર આપવું જોઈએ. અદાલતનો આ મત બેંકિંગ વ્યવસ્થાને તેની જવાબદારીની યાદ અપાવે છે. બેંકોમાં જમા નાણાંની સલામતી માત્ર ખાતાધારકોની સાવચેતી પર આધારિત રહી શકે નહીં. આ માટે બેંકે પણ સતર્ક રહેવાની જરૂરત રહે છે. સામે આવી રહેલા આંકડા સ્થિતિ ભારે ચિંતાજનક હોવાની પ્રતીતિ કરાવે છે. વર્ષ ૨૦૨૬માં અત્યાર સુધી ડિજિટલ એરેસ્ટના ૨૨ હજારથી વધુ કિસ્સા સામે આવ્યા છે, જેમાં રૂા. ૮૦૦ કરોડથી વધુની ઠગાઈ થઈ છે. ગયાં વર્ષે ૨૦૨૫માં આવા ૫૮,૨૩૯ કિસ્સામાં ૧૨૧૧ કરોડની ગંજાવર રકમ ભોગ બનેલાઓએ ગુમાવી હતી. આ આંકડ બતાવે છે કે, સાયબર જાગૃતિ અંગની ઝુંબેશો છતાં ગુનેગારોનું નેટવર્ક યથાવત રહ્યું છે. આવામાં વણજાહેર બનાવોની સંખ્યા પણ વધુ રહેતી હોવાની આશંકા વ્યક્ત થતી રહે છે. સૌ કોઈ જાણે છે કે, આવી ઓનલાઈન ઠગાઈમાં નાણાંની હેરફેર બેંકોના ડિજિટલ વ્યવહારો વાટે થતા હોય છે, પણ અત્યાર સુધી ભાગ્યે જ કોઈએ આ બાબત પર ધ્યાન આપીને બેંકોની જવાબદારી નક્કી કરવાની સાથોસાથ આ નાણાં અપરાધીઓ સુધી પહોંચતાં રોકવાની કોઈ વ્યવસ્થા માટે વિચાર કર્યો નથી. ખરેખર તો બેંકો કોઈ ખાતામાં અચાનક જમા થતી શંકાસ્પદ મસમોટી રકમ, ઓનલાઈન રકમ જમા થવાનું પ્રમાણ વધી જાય અથવા વાધાજનક જણાતી લેવડદેવડ જણાય તો બેંકોએ ત્વરિત કાર્યવાહીની વ્યવસ્થા ગોઠવવી જોઈએ. બેંકો આવા ખાતની તાકીદની તપાસ ઉપરાંત ખાતાધારકોના સીધા સંપર્ક, ઠગાઈની જણાય તેવી રકમોને તપાસ સુધી હંગામી રીતે સ્થગિત કરવા જેવા પગલાં લેવા પર હવે ધ્યાન આપવાની જરૂરત છે. આવી સાયબર લૂંટના બનાવોમાં અમુક કિસ્સામાં ગુનેગારો ઝડપાય છે અને થોડાઘણાને તેમની રકમ પરત પણ મળે છે. જો કે, આ અપરાધોનો વ્યાપ એટલો બધો છે કે, સાયબર ગુનેગારોની પહોંચ અને હિંમત સતત વધી રહ્યા છે. હવે સર્વોચ્ચ અદાલતે આ મામલે કડક વલણ લેવું શરૂ કર્યું છે. રિઝર્વ બેંકને કેવાયસીના સુધારેલા નિર્દેશોની સમીક્ષા કરવાની સૂચના પણ આપી છે. આશા રાખી શકાય કે, અદાલતની આ કડકાઈથી બેંકિંગ તંત્ર તેની જવાબદારીઓ પ્રત્યે સજાગ થાય અને સમાન્ય લોકોની રકમ આવી ઠગાઈની સામે સલામત રહી શકશે.

દિલ્હીનાં રામલીલામાં 'ઈન્ડીની' રેલીનું સૂરસૂરીયું

જ્ઞાનેશ કુમાર વિના મોદી વડાપ્રધાન ન બની શક્યા હોત : રાહુલ ગાંધી



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧ : દેશમાં મતદાર યાદીમાં કથિત ગેરરીતિઓ અને વોટ ચોરીના મુદ્દે રાજકીય ઘમાસાણ તેજ બન્યું છે. આ મુદ્દે વિપક્ષી INDIA ગઠબંધને દિલ્હીના ઐતિહાસિક રામલીલા મેદાનમાં વિશાળ મહારેલી યોજીને કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ સામે મોરચો ખોલ્યો હતો. રેલીમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે જ્ઞાનેશ કુમારના સહકાર વિના નરેન્દ્ર મોદી વડાપ્રધાન બની શક્યા ન હોત. સાથે જ તેમણે મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામાની માગણી કરી હતી.

રેલીમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજી, સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ, તેજસ્વી યાદવ અને સંજય રાઉત સહિત અનેક વિપક્ષી નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. તમામ નેતાઓએ મતદાર યાદી અને ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા જાળવવાની માગણી સાથે કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું હતું. રાહુલ ગાંધીએ પોતાના સંબોધનમાં ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતા અંગે ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી સહિત વિવિધ રાજ્યોની ચૂંટણીઓમાં મતદાર યાદીમાં નામ ઉમેરવા અને દૂર કરવાની પ્રક્રિયામાં ગેરરીતિઓ થઈ છે.


રાહુલ ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે મધ્યપ્રદેશ, હરિયાણા, છત્તીસગઢ, મહારાષ્ટ્ર અને કર્ણાટક સહિતનાં રાજ્યોમાં મતદારોના અધિકારો સાથે ચેડાં કરવામાં આવ્યાં છે. તેમણે કહ્યું કે વોટ ચોરી કોઈ સામાન્ય ચોરી નથી, પરંતુ દેશના દરેક નાગરિકના અવાજને છીનવી લેવાનો પ્રયાસ છે. તેમણે વધુમાં આક્ષેપ કર્યો હતો કે જ્ઞાનેશ કુમારની ભૂમિકા વિના નરેન્દ્ર મોદી વડાપ્રધાન અને અમિત શાહ ગૃહમંત્રી બની શક્યા ન હોત. જોકે, આ તમામ બાબતો રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવેલા રાજકીય આક્ષેપો છે.

રાહુલ ગાંધીએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગણી કરતાં કહ્યું હતું કે લોકશાહી અને બંધારણની રક્ષા માટે ચૂંટણી પ્રક્રિયામાં જવાબદારી નક્કી કરવી જરૂરી છે. તેમણે પોતાના ભાષણમાં કહ્યું હતું કે જ્ઞાનેશ કુમારને પદ પરથી હટાવવા જોઈએ અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ. આ મુદ્દે તેમણે કેન્દ્ર સરકારને પણ નિશાન બનાવી હતી. રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું કે તેમની લડાઈ કોઈ વ્યક્તિ સામેની નફરત પર આધારિત નથી. તેઓ પ્રેમ અને અહિંસાની વિચારધારામાં માને છે. દેશના નાગરિકોનો અવાજ અને બંધારણનું રક્ષણ કરવું તેમની પ્રાથમિકતા છે. ગમે તેવી પરિસ્થિતિ સર્જાય, પરંતુ બંધારણને નુકસાન થવા દેશે નહીં.

પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજીએ પણ રેલીમાં કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ સામે આકરા પ્રહારો કર્યા હતા. તેમણે પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા પ્રક્રિયા (SIR) અંગે સવાલો ઉઠાવ્યા હતા. મમતા બેનરજીએ આક્ષેપ કર્યો હતો કે ચૂંટણી પ્રક્રિયામાં ગેરરીતિઓને કારણે લોકશાહી અને લોકોના અધિકારોને નુકસાન થઈ રહ્યું છે. તેમણે કહ્યું હતું કે અમે ચૂંટણીમાં હાર્યા નથી, પરંતુ અમને હરાવવામાં આવ્યા છે. જોકે, આ તેમનો રાજકીય આક્ષેપ હતો. તેમણે દિલ્હીથી લોકશાહી અને બંધારણીય અધિકારોની રક્ષા માટે લડત ચાલુ રાખવાનો સંકલ્પ પણ વ્યક્ત કર્યો હતો. સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે ઉત્તર પ્રદેશમાં મતદાર યાદીમાંથી નામ દૂર કરવાના મુદ્દે ચૂંટણી પંચની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા હતા.

તેમણે દાવો કર્યો હતો કે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં મતદાન કરનારા અનેક મતદારોનાં નામ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી દરમિયાન મતદાર યાદીમાંથી ગાયબ થઈ ગયાં હતાં. આ અંગે ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ અને સોગંદનામા રજૂ કરવામાં આવ્યાં હોવા છતાં યોગ્ય કાર્યવાહી કરવામાં આવી ન હોવાનો પણ તેમણે આક્ષેપ કર્યો હતો. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ રેલીને સંબોધતાં ચૂંટણી પંચની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા હતા. તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે કાર્યવાહી કરવાની માગણી કરી હતી. ખડગેએ જણાવ્યું હતું કે જ્યાં સુધી તેમની માગણીઓ સંતોષવામાં નહીં આવે ત્યાં સુધી વિપક્ષની લડત ચાલુ રહેશે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ પર પણ વોટ ચોરીના આક્ષેપો કર્યા હતા.

જમ્મુ-કાશ્મીરમાં ઓમર અબ્દુલ્લા સરકાર સામે બળવો



(સંપૂર્ણ સમાચાર સેવા)
શ્રીનગર, તા.૧ : જમ્મુ-કાશ્મીરમાં મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાની નેશનલ કોન્ફરન્સ (NC) સરકાર સામે પાર્ટીની અંદર જ મોટો ખુલ્લો બળવો સામે આવ્યો છે. પાર્ટીના આશરે ૨૫ ધારાસભ્યોએ સરકાર વિરુદ્ધ મોર્ચો ખોલીને ઉપમુખ્યમંત્રી સહિત તમામ ૮ કેબિનેટ મંત્રીઓને ૧૫ દિવસની અંદર હટાવી મંત્રીમંડળનું સંપૂર્ણ પુનર્ગઠન કરવાની માંગ કરી છે. આ ઉપરાંત, ધારાસભ્યોએ મુખ્યમંત્રીના રાજકીય સલાહકાર નાસિર અસલમ વાનીને પણ પદ પરથી દૂર કરવા ભારે દબાણ બનાવ્યું છે.

આ બળવાખોર તેવર શુક્રવારે સાંજે પાર્ટીના ધારાસભ્ય કૈસર જમશેદ લોનના નિવાસસ્થાને મળેલી એક ગુપ્ત બેઠક દરમિયાન સામે આવ્યા હતા. આ બેઠકમાં ૧૮ ધારાસભ્યો પ્રત્યક્ષ રીતે ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે ૭ ધારાસભ્યો ઓનલાઈન માધ્યમથી જોડાયા હતા. આમ, બળવાખોર નેતાઓનો કુલ આંકડો ૨૫ પર પહોંચ્યો છે.

બેઠક દરમિયાન ધારાસભ્યોએ સર્વાનુમતે એક પ્રસ્તાવ પસાર કરીને માંગ કરી હતી કે પક્ષના વ્યાપક હિત માટે આખું મંત્રીમંડળ બદલવું જરૂરી છે. આ સાથે ખાતાઓ અને વિભાગોની ફાળવણી કરતાં પહેલાં પક્ષમાં લોકશાહી ધોરણે વિચાર-વિમર્શ કરવાની બાબત પર ભાર મુકાયો હતો.

૯૦ સભ્યો ધરાવતી જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં નેશનલ કોન્ફરન્સ પાસે ૪૧ ધારાસભ્યો છે. હાલ આ સરકાર કોંગ્રેસના ૬, અપક્ષના ૬ અને માકપાના ૧ ધારાસભ્યના સમર્થનથી ચાલી રહી છે. આવી સ્થિતિમાં પોતાની જ પાર્ટીના ૨૫ ધારાસભ્યોની નારાજગી અને અલ્ટીમેટમને પગલે ઓમર અબ્દુલ્લા સરકાર સામે ગંભીર રાજકીય સંકટ ઊભું થયું છે.

વડાપ્રધાને છ રાજ્યોના સ્થાપના દિવસ નિમિત્તે પાઠવી શુભેચ્છા

મધ્યપ્રદેશ, છત્તીસગઢ, હરિયાણા, કર્ણાટક, તમિલનાડુ અને કેરળના નાગરિકોને મોદીએ અભિનંદન પાઠવ્યાં



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧: દેશનાં છ રાજ્યોના સ્થાપના દિવસ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે મધ્યપ્રદેશ, છત્તીસગઢ, હરિયાણા, કર્ણાટક, તમિલનાડુ અને કેરળના નાગરિકોને શુભેચ્છા પાઠવી હતી. તેમણે આ રાજ્યોના નાગરિકોના સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સતત પ્રગતિની કામના કરી હતી. સાથે જ વિવિધ ક્ષેત્રોમાં આ રાજ્યો દ્વારા આપવામાં આવેલા યોગદાનની પ્રશંસા પણ કરી હતી.

દર વર્ષે ૧ નવેમ્બરે આ છ રાજ્યોનો સ્થાપના દિવસ ઉજવવામાં આવે છે. આ અવસરે વડાપ્રધાને વિવિધ સંદેશાઓ દ્વારા રાજ્યોની ઐતિહાસિક, સાંસ્કૃતિક અને આર્થિક વિશેષતાઓનો ઉલ્લેખ કર્યો હતો. છત્તીસગઢના સ્થાપના દિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવતાં વડાપ્રધાન મોદીએ રાજ્યની સમૃદ્ધ આદિવાસી સંસ્કૃતિ, લોકપરંપરાઓ અને કુદરતી સંપત્તિનાં વખાણ કર્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે રાજ્યમાં નક્સલવાદની સમસ્યા દૂર થવાની દિશામાં થઈ રહેલી પ્રગતિ અને વિકાસના માર્ગે આગળ વધતું છત્તીસગઢ જોવું આનંદદાયક છે. તેમણે રાજ્યના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

હરિયાણાના સ્થાપના દિવસ પર વડાપ્રધાને રાજ્યના ખેડૂતો, ખેલાડીઓ અને સૈનિકોના યોગદાનની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે હરિયાણાના નાગરિકોએ કૃષિ, રમતગમત, સંરક્ષણ, ઉદ્યોગ અને શિક્ષણ સહિતનાં વિવિધ ક્ષેત્રોમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી છે.

રાજ્યની મહેનતુ જનતાના યોગદાનને બિરદાવતાં તેમણે હરિયાણાની સતત પ્રગતિ અને સમૃદ્ધિની કામના કરી હતી. વડાપ્રધાને મધ્યપ્રદેશને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો અને કુદરતી સૌંદર્ય ધરાવતું રાજ્ય ગણાવ્યું હતું. તેમણે કૃષિ, ઉદ્યોગ, પ્રવાસન અને શિક્ષણ ક્ષેત્રે રાજ્ય દ્વારા કરવામાં આવેલી પ્રગતિની પ્રશંસા કરી હતી.

મણિપુરના હિંસામાં ૩ના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)
ઈમ્ફાલ, તા.૧ : અશાંત મણિપુરમાં હિંસા અને તણાવ હજુ પણ થમવાનું નામ લઈ રહ્યા નથી. મણિપુરના નોની જિલ્લામાં શનિવારે સશસ્ત્ર જૂથો વચ્ચે થયેલા ભીષણ ગોળીબારમાં ૩ લોકોના મોત થતાં સમગ્ર વિસ્તારમાં ભારે સન્નાટો અને તણાવ વ્યાપી ગયો છે. બીજી તરફ, સતત વણસતી જતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ રાજ્ય સરકારની નિષ્ક્રિયતા સામે ભારે આક્રોશ વ્યક્ત કરતાં રાજધાની ઈમ્ફાલમાં શનિવારે હજારો નાગરિકોએ વિશાળ વિરોધ રેલી યોજીને સરકારને ફાઈનલ વોર્નિંગ આપી દીધી છે.

મળતી વિગતો અનુસાર, નોની જિલ્લાના નુંગબા પોલીસ સ્ટેશન અંતર્ગત આવતા કેકરુ નાગા ગામમાં અજ્ઞાત સશસ્ત્ર જૂથો વચ્ચે અચાનક ગોળીબાર શરૂ થયો હતો. આ અથડામણમાં ૩ લોકોના નીપજ્યા છે. પોલીસે ઘટનાસ્થળેથી હથિયારો અને ગોળાબારૂદ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટના અંગે કુકી આદિવાસી સંગઠન કુકી ઈનપી મણિપુર (KIM) એ આક્ષેપ કર્યો છે કે આ હુમલા પાછળ NSCN-IM અને ઝેલીયાંગ્રોંગ યુનાઈટેડ ફ્રન્ટના કેડરોનો હાથ છે.

રાજ્યમાં વધી રહેલી અશાંતિ સામે કોઓર્ડિનેટિંગ કમિટી ઓન મણિપુર ઈન્ટિગ્રિટી (COCOMI) અને વિવિધ નાગરિક સમાજ સંગઠનોના નેતૃત્વ હેઠળ ઈમ્ફાલમાં એક વિશાળ મહારેલી યોજાઈ હતી. આ પ્રદર્શનમાં ખીણ અને પહાડી વિસ્તારોના નાગરિકો ઉપરાંત નાગા સંગઠનો પણ મોટી સંખ્યામાં જોડાતાં સડકો પર જનમેદની ઉમટી પડી હતી. પ્રદર્શનકારીઓએ આકરા તેવર બતાવતાં સ્પષ્ટ કર્યું હતું કે વર્તમાન ભાજપ સરકાર શાંતિ બહાલ કરવામાં નિષ્ફળ રહી છે, તેથી કાં તો કડક પગલાં લઈને શાંતિ સ્થાપવામાં આવે અથવા સરકાર રાજીનામું આપે.

ઈઝરાયલના પ્રધાનમંત્રી બેન્ઝામિન નેતન્યાહુની ખુરશી ખતરામાં



(સંપૂર્ણ સમાચાર સેવા)
જેરુસાલેમ, તા.૧ : ઈઝરાયલના પ્રધાનમંત્રી બેન્ઝામિન નેતન્યાહુની ખુરશી ખતરામાં જોવા મળી રહી છે. તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં તેમને સ્પષ્ટ જનાદેશ મળ્યો નથી. ઈઝરાયલમાં કોઈ રાજકીય પાર્ટી સત્તા મેળવવા માટે જરૂરી બહુમતી મેળવી શકી નથી. ત્યારબાદ ત્યાં નવી સરકારની રચના પર અસમંજસની સ્થિતિ છવાયેલી છે. પરંતુ હવે જે સમાચાર સામે આવી રહ્યાં છે તે નેતન્યાહુની ચિંતા વધારી શકે છે. બે મુખ્ય અરબ પાર્ટીઓ રા'આમ (Ra'am) અને જોઈન્ટ લિસ્ટ (Joint List) નેતન્યાહુને સત્તામાંથી હટાવવા માટે ગાદી આઈસેનકોટના નેતૃત્વવાળા વિપક્ષી જૂથનું સમર્થન કરી શકે છે. તમને જણાવી દઈએ કે આ બંને પાર્ટી પાસે ૧૯ સીટો છે.

એક રિપોર્ટ અનુસાર જોઈન્ટ લિસ્ટ નેતન્યાહુની વિરોધી પાર્ટીઓને બહારથી સમર્થન આપવા માટે તૈયાર છે. તે ખુદ સરકારનો હિસ્સો બનવા ઈચ્છતી નથી. સાંસદ અહમજ તિબીએ કહ્યુ 'અમે તે દરેક વ્યક્તિની મદદ કરવા ઈચ્છીએ છીએ જે આ ખરાબ સરકારને હટાવવા ઈચ્છે છે. તેની જગ્યાએ એક નવી સરકાર લાવવા ઈચ્છીએ છીએ. અમે આ પરિવર્તનનો હિસ્સો બનવા ઈચ્છીએ છીએ, આસાનો હિસ્સો બનવા ઈચ્છીએ છીએ. તેઓ જોઈન્ટ લિસ્ટમાં નંબર-ટૂ ગણાય છે.' જોઈન્ટ લિસ્ટ સિવાય અરબ રાજકીય આંદોલનના મુખ્ય ચહેરો બનેલા જાફર ફરાહે જણાવ્યુ કે રાઆમ અને જોઈન્ટ લિસ્ટ બંને ઈઝરાયલના રાષ્ટ્રપતિ ઈસાક હર્જોગને તે જણાવી શકે છે કે તેઓ આઈસેનકોટના નેતૃત્વવાળા વિપક્ષી ગઠબંધનનું સમર્થન કરવા માટે તૈયાર છે. ફરાહે કહ્યુ કે તેઓ ઈઝરાયલી સેનાના પૂર્વ ચીફ ઓફ સ્ટાફ ગાદી આઈસેનકોટને આગામી પ્રધાનમંત્રીના રૂપમાં પ્રસ્તાવિત કરશે.

સાંસદ અહમદ તિબીએ કથિત રીતે આઈસેનકોટને કહ્યુ કે તેમણે દિવંગત પ્રધાનમંત્રી યિત્ઝાક રાબિનની જેમ બનવું જોઈએ. તેમણે તે પણ સંકેત આપ્યો કે જોઈન્ટ લિસ્ટ સરકારને બહારથી સમર્થન આપશે. તમને જણાવી દઈએ કે રાબિન મુખ્ય રૂપથી ૧૯૯૩મા થયેલી ઓસ્લો સમજુતિ હેઠળ ફિલિસ્તીન મુક્તિ સંગઠનની સાથે વાતચીત કરવા માટે પોતાના નિર્ણય માટે જાણીતા છે. તે સમયે તેમના આ નિર્ણયની ખુબ ટીકા થઈ હતી, પરંતુ બે અરબ નેતૃત્વવાળી રાજકીય પાર્ટીઓએ રાબિનની સરકારનું સમર્થન કર્યું હતું.

બંગાળની ખાડીમાં ડીપ ડિપ્રેશન સક્રિય

૮ રાજ્યોમાં ભારે વરસાદની આગાહી, દરિયાકાંઠાના વિસ્તારોને એલર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧ : બંગાળની ખાડીમાં સર્જાયેલી હવામાન પ્રણાલી વધુ સક્રિય બનતાં દેશના અનેક રાજ્યોમાં વરસાદનું સંકટ ઊભું થયું છે. ભારતીય હવામાન વિભાગ (IMD)ના જણાવ્યા અનુસાર, દક્ષિણપૂર્વ બંગાળની ખાડી અને આંદામાન સમુદ્ર નજીક સર્જાયેલું લો પ્રેશર ડીપ ડિપ્રેશનમાં પરિવર્તિત થયું છે. આગામી ૨૪ કલાકમાં આ સિસ્ટમ વધુ મજબૂત બની ચક્રવાતી તોફાનમાં ફેરવાઈ શકે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. તેની અસરને પગલે દક્ષિણ, પૂર્વ અને મધ્ય ભારતનાં અનેક રાજ્યોમાં ભારે પવન સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના અપડેટ મુજબ, આ હવામાન પ્રણાલી પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ દિશામાં આગળ વધી રહી છે. ૨ નવેમ્બરની સાંજ સુધીમાં તે આંધ્રપ્રદેશના દરિયાકાંઠા નજીક પહોંચે તેવી શક્યતા છે. આથી દરિયાકાંઠાના વિસ્તારોમાં ખાસ સાવચેતી રાખવાની સૂચના આપવામાં આવી છે. ચક્રવાતી સિસ્ટમની સૌથી વધુ અસર આંધ્રપ્રદેશ અને ઓડિશામાં જોવા મળી શકે છે. હવામાન વિભાગે દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ અને યાનમમાં ૨ અને ૩ નવેમ્બરે અતિભારે વરસાદની આગાહી કરી છે. રાયલસીમા વિસ્તારમાં પણ આ દિવસોમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે.

ઓડિશામાં ૩ અને ૪ નવેમ્બરે ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. આ ઉપરાંત ૩ નવેમ્બરે અસરગ્રસ્ત વિસ્તારોમાં પવનની ગતિ ૫૦થી ૬૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચવાની શક્યતા છે. સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને સ્થાનિક વહીવટી તંત્રને સાવચેત રહેવા જણાવાયું છે.



ગુલાબી રંગથી પર : હિમાલયન રોક સોલ્ટને વિશિષ્ટ બનાવતી બાબતો



સુરત, તા.૦૧ : ભારતનું નંબર ૧ સિંધવ મીઠું ટાટા સોલ્ટ હિમાલયન રોક ટાટા બ્રાન્ડના ભરોસા અને ગુણવત્તાની ખાતરી સાથે લોકોની આ પસંદગીનો સમન્વય કરે છે. આ પોટેશિયમ, કેલ્શિયમ અને મેગ્નેશિયમ જેવા કુદરતી ખનીજો ધરાવે છે, જે આ મીઠુંને વિશિષ્ટ ઓળખ આપે છે. ટાટા સોલ્ટ હિમાલયન રોક સોલ્ટનું તાજેતરમાં - યોગશાળામાં પરીક્ષણ થયું હતું, જેમાં આ મીઠું ગુણવત્તા અને સલામતીના લાગુ તમામ માપદંડોને પૂર્ણ કરે છે એની પુષ્ટિ થઈ છે, જેમાં કૃત્રિમ ફૂડ કલરનો ઉપયોગ થતો નથી એની પણ પુષ્ટિ થઈ છે, જે ગ્રાહકોને ઉત્પાદનની શુદ્ધતાની ખાતરી આપે છે. ખાણીપીણીની ચીજવસ્તુ બનાવવા ઉપયોગ કરો કે ઉપરથી છંટકાવ કરવા માટે, ટાટા સોલ્ટ હિમાલયન રોક સોલ્ટ તમારી વાનગીઓમાં એક વિશિષ્ટ સ્વાદ લાવે છે.

ભાવનગરના આકાશમાં વાયુસેનાનો જલવો

૯ વિમાનો સાથે 'સૂર્ય કિરણ' ટીમે બતાવ્યા દિલધડક કરતબ



(સંપૂર્ણ સમાચાર સેવા)
ભાવનગર, તા.૧ : શહેરના બોરતળાવ ખાતે રવિવારે ભારતીય વાયુસેના દ્વારા 'સૂર્ય કિરણ' એર શોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ભાવનગરના ઈતિહાસમાં પ્રથમ વખત યોજાયેલા આ એર શોમાં વાયુસેનાની પ્રખ્યાત એરોબેટિક્સ ટીમે નવ વિમાનો સાથે આકાશમાં અદભુત કરતબો રજૂ કર્યા હતા. આકાશમાં એકસાથે ઉડતાં વિમાનોના દિલધડક પ્રદર્શનને નિહાળવા માટે બોરતળાવના કિનારે મોટી સંખ્યામાં નાગરિકો ઉમટી પડ્યા હતા.

'સૂર્ય કિરણ' એશિયાની એકમાત્ર ક્લોઝ ફોર્મેશન એરોબેટિક્સ ટીમ છે. આ ટીમના નવ વિમાનોએ એકસાથે આકાશમાં ઉડાન ભરી વિવિધ પ્રકારના એરોબેટિક્સ કરતબો રજૂ કર્યા હતા. શોનું મુખ્ય આકર્ષણ નવેય વિમાનોનું અત્યંત નજીકના અંતરે એકસાથે ક્લોઝ ફોર્મેશનમાં ઉડાન ભરવાનું રહ્યું હતું. પાઈલટ્સે ચોકસાઈ અને તાલમેલ સાથે વિવિધ આકાશી આકૃતિઓ રચીને ઉપસ્થિત લોકોને રોમાંચિત કર્યા હતા.

એર શો દરમિયાન નવ વિમાનોને બે અલગ-અલગ ટુકડીઓમાં વહેંચવામાં આવ્યાં હતાં. બંને ટુકડીઓ અલગ દિશામાંથી સામસામે આવીને વિવિધ એરોબેટિક્સ કરતબો રજૂ કરતી જોવા મળી હતી. આકાશમાં વિમાનો દ્વારા રચવામાં આવેલી વિવિધ આકૃતિઓ અને ત્રિરંગાની રચનાએ કાર્યક્રમને વિશેષ આકર્ષણ આપ્યું હતું. વિમાનોના પ્રદર્શન દરમિયાન બોરતળાવ ખાતે ઉપસ્થિત નાગરિકોએ તાળીઓના ગડગડાટ સાથે વાયુસેનાના પાઈલટ્સનું અભિવાદન કર્યું હતું.

સૂર્ય કિરણ એરોબેટિક્સ ટીમ અંગે માહિતી આપતાં ટીમના ફાઈટર પાઈલટ સ્ક્વોડ્રન લીડર વિક્રમે જણાવ્યું હતું કે, સૂર્ય કિરણ એશિયાની એકમાત્ર ક્લોઝ ફોર્મેશન એરોબેટિક્સ ટીમ છે. આ ટીમ દ્વારા નવ વિમાનો સાથે એકસાથે આકાશમાં વિવિધ પ્રકારના કરતબો રજૂ કરવામાં આવે છે. તેમણે જણાવ્યું હતું કે, નજીકના અંતરે વિમાનોનું એકસાથે ઉડાન ભરવું અને વિવિધ રચનાઓ તૈયાર કરવી એ આ શોની વિશેષતા છે. આ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશની ત્રણેય સેનાઓ આધુનિક, સક્ષમ અને આત્મનિર્ભર બની રહી છે.

ટ્રમ્પની ઈરાનને નવી ધમકી

બાકી રહેલા ૨ ટાર્ગેટ પણ ઉડાવી દઈશું



(સંપૂર્ણ સમાચાર સેવા)
વોશિંગ્ટન, તા.૧ : મધ્ય પૂર્વ (પશ્ચિમ એશિયા)માં યુદ્ધના વાદળો વિખેરાવાની આશા વચ્ચે વોશિંગ્ટન અને તેહરાન વચ્ચે ફરી એકવાર તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. ઈરાનના સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઈ દ્વારા અમેરિકા અને ઈઝરાયલ સામે આક્રમક લશ્કરી વલણ અપનાવવાની ચેતવણી આપ્યાના ગણતરીના કલાકોમાં જ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પલટવાર કર્યો છે. ટ્રમ્પે ઈરાનના પરમાણુ સ્થળો પર માત્ર ૧૦ મિનિટમાં હુમલો કરી તેને ધ્વસ્ત કરવાની ખુલ્લી ધમકી આપી છે.

ફ્લોરિડા સ્થિત પોતાના નિવાસસ્થાને પત્રકારો સાથે વાતચીત કરતાં ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે અમેરિકાએ ઈરાનની સૈન્ય ક્ષમતા અને તેના પરમાણુ પ્રોગ્રામને પહેલેથી જ અત્યંત નબળો પાડી દીધો છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે, "અમે ઈરાનની પરમાણુ વ્યવસ્થાને ધ્વસ્ત કરી દીધી છે. અમારે હજુ પણ ૧ કે ૨ ગુપ્ત સાઈટ્સ પર કાર્યવાહી કરવાની બાકી છે, પરંતુ અમે તે કામ માત્ર ૧૦ મિનિટમાં પૂરું કરી શકીએ છીએ."

ટ્રમ્પે પોતાના નિવેદનમાં ખાસ કરીને 'પિકએક્સ માઉન્ટેન'નો ઉલ્લેખ કર્યો હતો. ઈરાનના નતાન્ઝ પરમાણુ મથક નજીક પહાડોની નીચે સેંકડો ફૂટ ઊંડે બનેલું આ ગુપ્ત ભૂગર્ભ ન્યુક્લિયર કોમ્પ્લેક્સ ઈરાનનું સૌથી સુરક્ષિત અડ્ડો માનવામાં આવે છે. ટ્રમ્પના આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે અમેરિકી ગુપ્તચર એજન્સીઓ ઈરાનના ભૂગર્ભ બંકરોને નિશાન બનાવવાની રણનીતિ ઘડી ચૂકી છે.

ટ્રમ્પના નિવેદન પહેલાં ઈરાનના સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઈએ એક લેખિત સંદેશ દ્વારા અમેરિકા-ઈઝરાયલને ચેતવણી આપતાં જણાવ્યું હતું કે જો દુશ્મન હુમલા કરશે, તો સંઘર્ષ ક્યારે અને કઈ શરતો પર પૂરો થશે તે માત્ર ઈરાન જ નક્કી કરશે. તેમણે લશ્કરને ભૌગોલિક સીમાઓથી મુક્ત થઈને વળતો જવાબ આપવા અને ટાર્ગેટ લિસ્ટ તાત્કાલિક અપડેટ કરવા આદેશ આપ્યો હતો.

વાપીમાં અનાવિલ યુવા સંગઠન દ્વારા રાસ ગરબા અને સ્નેહમિલન યોજાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા.૧ : વાપી ખાતે અનાવિલ યુવા સંગઠન દ્વારા આયોજિત 'યુવા અનાવિલ રાસ ગરબા અને અનાવિલ સ્નેહમિલન' કાર્યક્રમ ભવ્ય રીતે સંપન્ન થયો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી અને પારડી વિધાનસભાના ધારાસભ્ય કનુભાઈ દેસાઈ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ જ્ઞાતિજનો સાથે રાસ ગરબાની રમઝટ માણી હતી.

યુવા અનાવિલ વાપીના પ્રમુખ મનીષભાઈ દેસાઈ અને તેમની સમગ્ર ટીમના અથાગ પરિશ્રમથી કાર્યક્રમ સફળ રહ્યો હતો. વાપી, પારડી, ઉમરગામ, ઉદવાડા, દમણ અને સેલવાસ સહિતના વિસ્તારોમાંથી ૧૨૦૦થી વધુ અનાવિલ ભાઈઓ-બહેનોએ ઉત્સાહભેર હાજરી આપી હતી.

આ પ્રસંગે વાપી મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતીશભાઈ પટેલ, ડો. સુકેતુ દેસાઈ, સરદાર ભીલાડવાલા બેંકના પૂર્વ ચેરમેન હર્ષદભાઈ દેસાઈ, દર્પણભાઈ દેસાઈ અને એડવોકેટ બકુલભાઈ દેસાઈ સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. આ ઉપરાંત વાપી મહાનગર પાલિકામાં ચૂંટાયેલા અનાવિલ નગરસેવકોનું મોમેન્ટો અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન અનાવિલ યુવા સંગઠનના યુવાનોએ સમાજમાં એકતા, ભાઈચારો અને પરસ્પર સ્નેહભાવ જળવાઈ રહે તેવા પ્રયાસો કર્યા હતા. વિવિધ વિસ્તારોમાંથી આવેલા જ્ઞાતિજનોને એકબીજાને મળવા અને પરિચય કેળવવાની તક મળી હતી. રાસ ગરબા અને સ્નેહમિલનના માધ્યમથી સમાજની એકતા અને સંગઠનભાવને વધુ મજબૂત બનાવવાનો સુંદર સંદેશ આપવામાં આવ્યો હતો.



વાપીમાં સ્વદેશી મેળાની કનુભાઈ દેસાઈએ મુલાકાત લીધી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા.૦૧ : ગુજરાત સરકાર નાણામંત્રી કનુભાઈ દેસાઈએ તા.૩૧-૧૦-૨૦૨૬ને શનિવારના રોજ વાપીમાં સ્વદેશી મેળાની મુલાકાત લીધી હતી. દરેક સ્ટોલની મુલાકાત લઈ સ્થાનિક કારીગરો અને મહિલા ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહિત કર્યા હતાં.

વાપી મહાનગરપાલિકા અને ગુજરાત શહેરી આજીવિકા મિશનના સંયુક્ત ઉપક્રમે અજીત નગર પ્લે ગ્રાઉન્ડ, ચલા ખાતે આયોજિત ભવ્ય સ્વદેશી મેળોનું આયોજન કરવામાં આવ્યું છે આ પ્રદર્શન-સહ-વેચાણ મેળો આગામી ૨૮ ઓક્ટોબરથી ૬ નવેમ્બર સુધી જાહેર જનતા માટે ખુલ્લો રહેશે. નાણામંત્રી કનુભાઈ દેસાઈની મુલાકાત દરમિયાન તેમની સાથે વાપી મહાનગર પાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ, વાપી શહેર ભાજપ સંગઠનના પ્રમુખ મનીષભાઈ દેસાઈ, મ્યુન્સીપલ કમિશનર એન.એફ. ચૌધરી તેમજ પાલિકાના ચૂંટાયેલા સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં. તમામ વાપીવાસીઓને વોકલ ફોર લોકલ મંત્રને પ્રોત્સાહન આપવા અને આગામી ૬ નવેમ્બર સુધી પરિવાર સાથે આ સ્વદેશી મેળાની અચૂક મુલાકાત લઈ ઉત્સાહ વધારવા અંગે જણાવાયું છે.

વાપીની જાણીતી ડ્રાયફ્રૂટ અને ઓઈલ શોપમાં GST વિભાગની રેડ

વાપી ચાર૨સ્તા વિસ્તા૨ની દુકાનમાં GST ચો૨ીની આશંકા, નાનાપોંઢા અને દમણમાં પણ વેપા૨

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧ : વાપી ચાર રસ્તા વિસ્તારમાં આવેલી એક જાણીતી ડ્રાયફ્રૂટ અને ઓઈલ શોપમાં GST વિભાગ દ્વારા રેડ પાડવામાં આવતા વેપારી આલમમાં ચકચાર મચી ગઈ છે.

સૂત્રોના જણાવ્યા મુજબ આ પેઢી પર કથિત GST ચોરીની આશંકા હતી. જેના આધારે બે દિવસ પહેલા GST વિભાગની ટીમે અચાનક તપાસ હાથ ધરી હતી. ટીમે દુકાનના હિસાબી ચોપડા, બિલો અને સ્ટોકની ઝીણવટભરી તપાસ કરી હતી.

જાણવા મળ્યા મુજબ આ વેપારી પેઢી માત્ર વાપી પૂરતી જ સીમિત નથી. તેમનો વેપાર નાનાપોંઢા વિસ્તારમાં અને દમણ વિસ્તારમાં પણ ફેલાયેલો છે. આ ઉપરાંત આ પેઢી બિલ્ડર લાઈન સાથે પણ સંકળાયેલી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. એટલે મોટા પાયે કરચોરીની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સૂત્રોનું કહેવું છે કે આ રેડ દરમિયાન મહત્વના દસ્તાવેજો કબજે લેવામાં આવ્યા છે, જોકે GST વિભાગ તરફથી હજુ સુધી સત્તાવાર રીતે કેટલી કરચોરી મળી તે અંગે કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી.

દિવાળીના તહેવારો ટાણે જ જ્લ્ટ વિભાગની આ કાર્યવાહીને લઈ વાપીના વેપારી વર્તુળમાં અનેક પ્રકારની ચર્ચાઓએ જોર પકડ્યું છે. સામે દિવાળીએ થયેલી આ રેડને કારણે અન્ય વેપારીઓમાં પણ ફફડાટ ફેલાયો છે. આગામી દિવસોમાં તપાસ બાદ શું બહાર આવે છે તે જોવું રહ્યું.

ઉમરગામમાં સરદાર પટેલની જન્મજયંતિએ એકતા રેલી યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા.૦૧ : સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે ઉમરગામ નગરપાલિકાએ એકતા રેલી યોજી હતી. રેલીમાં મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા.રેલીમાં ઉમરગામ શહેર સંગઠન પ્રમુખ મયંકભાઈ પ્રેસવાલા, મહામંત્રી વિશ્વકર્મા ટંડેલજી, મહામંત્રી મનોજભાઈ ઝા, વલસાડ જિલ્લા મંત્રી ભાવનાબેન કરુલકર, મહિલા મોરચા પ્રમુખ, શહેર સંગઠનના હોદેદારો અને કાર્યકરો પણ જોડાયા હતાં. નગરપાલિકા પ્રમુખ ખુશ્બુ શૈલેષ જાદવે કહ્યું કે નાગરિકોએ મોટી સંખ્યામાં હાજરી આપીને એકતાનો સંદેશ આપ્યો છે. ત્યારબાદ સૌએ એકતાનગરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું લાઈવ પ્રસારણ સાથે મળીને નિહાળ્યું હતું.જાદવે નાગરિકોને ભાષા, જાતિ કે ધર્મના નામે અલગ ન પડવા અને એકતાની ભાવના સાથે આગળ વધવા કહ્યું હતું. તેમણે ઉમરગામના વિકાસ અને પ્રગતિમાં સૌને સાથે મળીને ભાગ લેવા સંકલ્પ કરવા અપીલ કરી હતી. રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં નગરપાલિકા, શહેર સંગઠન અને નગરજનોએ એકતા, ભાઈચારા તથા સામૂહિક વિકાસનો સંદેશ આપ્યો હતો.



સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ દ્વારા

વાપીમાં સરદાર પટેલની જન્મજયંતીની ઉજવણી કરાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૧ : વાપીમાં સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ દ્વારા દેશના લોખંડી પુરુષ અને ભારતની એકતા-અખંડિતતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પટેલ સમાજની વાડી ખાતે સમાજના પ્રમુખ માધુભાઈ માંગુકિયા અને માજી પ્રમુખ અને ટ્રસ્ટી નાનુભાઈ પટેલની આગેવાનીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વાપી તેમજ આસપાસના વિસ્તારોમાં વસતા સમાજના અગ્રણીઓ, યુવાનો અને સભ્યોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

આ પ્રસંગે સરદાર પટેલના રાષ્ટ્રપ્રેમ, એકતા અને અખંડિતતાના વિચારોને યાદ કરી તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

શ્રી મારુ રાજપૂત સમાજ સંગઠન દ્વારા

વાપીમાં ફન ફેર-૨૦૨૬નું આયોજન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧ : વાપી પંથકમાં વસતા શ્રી મારુ રાજપૂત સમાજ સંગઠન દ્વારા દર વર્ષની પરંપરા જાળવી આ વર્ષે પણ ફન એન્ડ ફેર-૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. તા.૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ શનિવારે સાંજે ૪થી રાત્રે ૧૧ વાગ્યા સુધી વાપીના ચલા-દમણ રોડ પર આવેલા ભાઠેલા પાર્ટી પ્લોટ ખાતે યોજાયેલા આ કાર્યક્રમનું ઉદ્ઘાટન વાપી મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, વાપી શહેર ભાજપ સંગઠનના પ્રમુખ મનીષભાઈ દેસાઈ તથા શ્રી મારુ રાજપૂત સમાજ સંગઠનના પ્રમુખ પ્રવીણભાઈ ટાંચક તેમજ સમાજના અગ્રણીઓના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યું હતું.

ફન એન્ડ ફેરમાં ખાણીપીણીની વિવિધ વાનગીઓ, રમતગમતની પ્રવૃત્તિઓ, બાળકો માટેની વિવિધ સ્પર્ધાઓ અને આકર્ષક સ્ટોલ મુખ્ય આકર્ષણ બન્યા હતાં. આ ઉપરાંત સમાજના લોકો એકબીજાના પરિચયમાં આવે અને સામાજિક એકતા તથા ભાઈચારાની ભાવના મજબૂત બને તેવા હેતુથી પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી મારુ રાજપૂત સમાજ સંગઠનના પ્રમુખ પ્રવીણભાઈ ટાંચક તેમજ સમાજના યુવાનો અને અગ્રણીઓએ ભારે જહેમત ઉઠાવી હતી. સમાજના પરિવારો અને બાળકોની ઉત્સાહભેર ઉપસ્થિતિ વચ્ચે ફન એન્ડ ફેર-૨૦૨૬ આનંદ અને ઉલ્લાસભર્યા વાતાવરણમાં સંપન્ન થયો હતો.

અબ્રામાની ૨૦થી વધુ કંપનીઓ દ્વારા ઓછી આકારણી કરાવતા પાલિકાને નુકશાન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા.૧ : વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલા અબ્રામા સહિતના વિસ્તારોમાં ધમધમતી ૨૦થી વધુ ઔદ્યોગિક કંપનીઓએ વર્ષો દરમિયાન પોતાના પ્લાન્ટ અને પરિસરમાં મોટા પાયે વધારાનું બાંધકામ ખડકી દીધું હોવા છતાં, પાલિકા તંત્ર દ્વારા તેની નિયમિત અને વાસ્તવિક આકારણી ન કરાતી હોવાની ગંભીર બાબત સામે આવી રહી છે.

જૂની આકારણી મુજબ જ વેરો વસૂલીને નગરપાલિકાની તિજોરીને વર્ષે દહાડે લાખો-કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલા અબ્રામા સહિતના વિસ્તારોમાં ધમધમતી અનેક ઔદ્યોગિક કંપનીઓએ વર્ષો દરમિયાન પોતાના પ્લાન્ટ અને પરિસરમાં મોટા પાયે વધારાનું બાંધકામ ખડકી દીધું હોવા છતાં, પાલિકા તંત્ર દ્વારા તેની નિયમિત અને વાસ્તવિક આકારણી ન કરાતી હોવાની ગંભીર બાબત સામે આવી રહી છે. જૂની આકારણી મુજબ જ વેરો વસૂલીને નગરપાલિકાની તિજોરીને વર્ષે દહાડે લાખો-કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. વધારાના બાંધકામની વાસ્તવિક આકારણી ન કરી પાલિકાની તિજોરીને નુકશાન પહોંચાડવામાં કોના આર્થિક હિતો સચવાઈ રહ્યા છે.

અબ્રામા ખાતે આવેલી ૨૪ જેટલા એકમો પૈકી મોટા ભાગના એકમોમાં ક્ષેત્રફળ બમણું કે પાંચ ગણું થઈ ગયું હોવાનું ખુદ દસ્તાવેજ પરથી ફલિત થાય છે. પાલિકાના એજન્ડામાં કંપનીઓને 'સી' ઝોનની જગ્યાએ 'એ' ઝોનમાં આકારણી ફેરવવા બાબતે નિર્ણય લેવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જોકે, વર્ષો સુધી આ વધારાના બાંધકામની આકારણી કર્યા વગર માત્ર જૂના ચોપડે જ વહીવટ કેમ ચલાવવામાં આવ્યો તે સૌથી મોટો પ્રશ્ન છે. વલસાડ નગરપાલિકાના સંબંધિત ટાઉન પ્લાનિંગ કે આકારણી શાખાના અધિકારીઓની રહેમનજર હેઠળ આ બધું ચાલી રહ્યું હતું. કંપનીઓ દ્વારા સ્વૈચ્છિક માપ દર્શાવવામાં આવ્યું છે કે પાલિકાના સર્વેયરો દ્વારા સ્થળ તપાસ કરીને માપણી કરાઈ છે.વધારાના બાંધકામની વાસ્તવિક આકારણી ન કરી પાલિકાની તિજોરીને નુકશાન પહોંચાડવામાં કોના આર્થિક હિતો સચવાઈ રહ્યા છે.

જુજવામાં સાંસદના હસ્તે આંગણવાડીનું લોકાર્પણ કરાયું



વલસાડ, તા. ૧ : વલસાડ તાલુકાના ગ્રામીણ વિસ્તારના ભૂલકાંઓના પોષણ અને પ્રારંભિક શિક્ષણ માટે એક નવો સુભગ સમન્વય સર્જાયો હતો. વલસાડ તાલુકાના જુજવા ગામમાં મીલ ફળીયા ખાતે નવનિર્મિત નવીન આંગણવાડી (નંદઘર) મકાનનું લોકાર્પણ વલસાડ-ડાંગના સાંસદ અને લોકસભાના દંડક ધવલભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સાંસદ ધવલભાઈ જણાવ્યું કે, આ નવી આંગણવાડીના લોકાર્પણથી બાળકોને આધુનિક સુવિધાઓ સાથે ઉત્તમ સંસ્કાર અને પોષણયુક્ત વાતાવરણ ઘરઆંગણે જ મળી રહેશે, જેથી આ નવું સંકુલ આશીર્વાદરૂપ બનશે. બાળકોનો સર્વાંગી વિકાસ એ જ સક્ષમ અને સમૃદ્ધ રાષ્ટ્રનો પાયો છે. સાંસદ ધવલભાઈએ જુજવા ગ્રામ પંચાયત પરિવાર અને સમગ્ર ગ્રામજનોને આ નૂતન સુવિધા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતાં.

જાહેર નોટિશ

આથી નાલંદા એપાર્ટમેન્ટ કો.ઓ.હા.સો.લિ, ભાગડાવડા, કોલેજ રોડ, ટેકરા પર, તા.જી. વલસાડના તમામ સભાસદો / શેર હોલ્ડરો તથા તેમના વંશવારસો અને હિત ધરાવનાર તમામ વ્યક્તિને આ જાહેર નોટિશથી જણાવવામાં આવે છે કે સદર હાઉસિંગ સોસાયટીનું રજી.નં.ઘ. ૧૪૫૦૧ તા.૨૫/૦૫/૧૯૯૧એ નોંધાયેલ છે. જેનો સર્વે નં.૨૯૭૭ જુનો સર્વે નં. ૩૨૨+૩૨૩ પ્લોટ નં.૧૫ જેનું ક્ષેત્રફળ ૦.૦૩.૭૨ મુજબ કુલ ૪૪૫ વાર જેટલી જમીનમાં ૧૫ ફલેટ સભાસદો / શેર હોલ્ડરોના આવેલા છે. સદર બિલ્ડીંગ જર્જરિત અને ભયજનક હોઈ ગ્રામ પંચાયત ભાગવડા દ્વારા તા.૨૫/૧૨/૨૦૨૫એ જર્જરિત એપાર્ટમેન્ટ જરૂરી કાર્યવાહી કરવા નોટિસ બજાવેલ છે. તથા તમામ શેર હોલ્ડરો ફલેટના માલિકોએ મકાનો ખાલી કરી દીધેલ છે. તેમજ એપાર્ટમેન્ટના સભાસદોની તારીખ ૧૮/૧૦/૨૦૨૬ની સામાન્ય સભાએ સદર એપાર્ટમેન્ટ જમીનદોસ્ત કરી જગ્યા ખુલ્લી કરવાનું ઠરાવેલ છે. તથા સદર ખુલ્લી જમીનનું યોગ્ય વળતર મળતાં જે તે ખરીદનારને વેચાણ કરવાનું ઠરાવેલ છે. જે ઉપરોક્ત તમામ બાબતો ધ્યાનમાં લઈ તમામને નોંધ લેવા વિનંતી છે. અને જે કોઈ ઉપરોક્ત લાગતા વળગતાને વાંધો / સૂચન હોઈ તો આ જાહેર નોટિશ પ્રસિધ્ધ થયાને દિન ૭માં પ્રમુખ / મંત્રીને લેખિત રજુ કરવાનો રહેશે. ત્યારબાદ કોઈ / સૂચન ધ્યાનમાં લેવામાં આવશે નહી.

સ્થાન : વલસાડ
તારીખ ૩૧/૧૦/૨૦૨૬

પ્રમુખ / મંત્રી
નાલંદા એ.કો.ઓ.હા.સો.લિ.

CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM MY OLD NAME CHAUDHARI RAHULBHAI RUSTAMBHAI TO MY NEW NAME RAHUL RUSTAM CHAUDHARI. I WILL BE KNOWN AS RAHUL RUSTAM CHAUDHARI
ADDRESS - 153, SHINDAPADA, PARZAI, DNH







દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

Monday 02, November 2026

દમણગંગા ટાઈમ્સ

દમણગંગા ટાઈમ્સ
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
મુખ્ય કાર્યાલય
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

વલસાડ જિલ્લામાં ૨૦૫ કિ.મી.ના રૂટની સફાઈ કરાઈ

જિલ્લાને સ્વચ્છ બનાવવા : જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા પોલીસ અધિક્ષક સહિત ૧૯૦થી વધુ ટીમ મેદાનમાં ઉતરી



(દમણગંગા ટાઈમ્સ)

વલસાડ, તા. ૦૧ : વલસાડ જિલ્લાને સ્વચ્છ બનાવવા કલેકટર નિતિન સાંગવાનના વડપણ હેઠળ વિશેષ સન્ડે સ્વચ્છતા ડ્રાઇવ કરવામાં આવી રહી છે. દર માસના પ્રથમ રવિવારે અધિકારીઓ/કર્મચારીઓ સ્વચ્છતા અભિયાનમાં જોડાતા હોય છે. આજે તા.૧/૧૧/૨૦૨૬ના રવિવારે જિલ્લાની ૧૯૦થી વધુ કચેરીઓના તમામ અધિકારીઓ/કર્મચારીઓ સ્વચ્છ ભારત, સ્વચ્છ ગુજરાત, સ્વચ્છ વલસાડના સંકલ્પ સાથે જિલ્લાના વિવિધ સ્થળોએ સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા. સવારે ૮ થી ૧૦ વાગ્યા દરમિયાનના સ્વચ્છતા અભિયાનમાં જિલ્લાના મહત્તમ વિસ્તારોને આવરી લેવામાં આવ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના સ્વપ્નાનું સ્વચ્છ અને સુંદર ભારતના નિર્માણમાં આપણો વલસાડ જિલ્લો પાછળ ન રહી જાય તે માટે જિલ્લા કલેકટર નિતિન સાંગવાનના નેતૃત્વ હેઠળ દર મહિનાના પ્રથમ રવિવારે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતું. જેમાં જિલ્લાની તમામ સરકારી કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓની ૧૯૦ ટીમ જિલ્લાના વિવિધ ૧૯૦ રૂટ પર સફાઈ અભિયાનમાં જોડાઈ હતી અને મહત્તમ વિસ્તારોમાં સફાઈ અભિયાન કરી નાગરિકોને પણ પોતાના આસપાસના વિસ્તારોની સફાઈ રાખવા માટે જાગૃત કર્યા હતા. આ સફાઈ અભિયાનમાં ખાસ કરી વધુ ગંદકી ધરાવતા સ્થળો, શહેરના ગાર્બેજ વનરેબલ પોઈન્ટ, મુખ્ય માર્ગો, જાહેર સ્થળો, બજાર વિસ્તાર, બસ સ્ટેશન, રેલવે સ્ટેશન સહિતના વિસ્તારોને આવરી લેવાયા હતા. વલસાડ ઉમરગામ, પારડી, ધરમપુર નગરપાલિકા વિસ્તારો અને ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું. અંદાજે ૨૦૫ કિમીના રૂટને સ્વચ્છ અને સુંદર બનાવાયો હતો.

જિલ્લા કલેકટર નીતિન સાંગવાન અને જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત લીલાપોર સર્કલ થી ચીખલા ગ્રામ પંચાયતના રૂટ, તિથલ રોડ પર સરકારી વસાહત રૂટ અને તિથલ બીચ રૂટ પર જ્યારે જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા બસ સ્ટેશન થી આરપીએફ ગ્રાઉન્ડ સુધી તેમની ટીમ સાથે સફાઈ અભિયાન હાથ ધર્યુ હતું.

તિથલમાં દુષ્કર્મ આચરી સોનુ અને રોકડ પડાવનાર ઝડપાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૧ : સગીરાને લલચાવી-ફોસલાવી હોટલમાં લઈ જઈ દુષ્કર્મ આચરવા ઉપરાંત ફોટા વાયરલ કરવાની ધમકી આપી લાખો રૂપિયાનું સોનું અને રોકડ પડાવી લેવાના ગંભીર ગુનામાં ડુંગરી પોલીસે આરોપીને ગણતરીના દિવસોમાં ઝડપી પાડી જેલભેગો કર્યો છે.

ડુંગરી પોલીસ મથકે તા. ૧૯/૧૦/૨૦૨૬ના રોજ નોંધાયેલી ફરિયાદ નોંધાતા આરોપી ધ્રુવિલ સંપતભાઈ પટેલે ફરિયાદીની સગીર વયની દીકરીને લલચાવી-ફોસલાવી ગેરકાયદેસર રીતે વલસાડના તીથલ રોડ સ્થિત 'આમંત્રણ હોટલ'માં લઈ ગયો હતો. ત્યાં સગીરાની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચરી તેના ફોટા પાડી લીધા હતા. ત્યારબાદ આ ફોટા વાયરલ કરી બદનામ કરવાની ધમકી આપી ભોગ બનનાર પાસેથી અલગ-અલગ સમયે ઘરમાંથી રોકડા રૂ. ૨,૬૧,૦૦૦ તથા આશરે રૂ. ૪૩,૪૮,૬૨૮ની કિંમતના ૩૨.૪ તોલા સોનાના દાગીના બળજબરીપૂર્વક પડાવી લીધા હતા.

આ ગુનાની ગંભીરતાને ધ્યાને લઈને ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ડુંગરી પોલીસ સ્ટેશનના પી.આઈ. યુ.એચ. પટેલ તથા સ્ટાફે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સિસના આધારે આરોપી ધ્રુવિલ સંપતભાઈ પટેલ (ઉ.વ. ૨૧, રહે. શંકરતળાવ મંદિર ફળિયા, તા.જી. વલસાડ)ની અટકાયત કરી ૧૫૦.૩૩૦ ગ્રામ સોનાની લંગડીકિંમત રૂા. ૧૯,૫૪,૨૯૦ રોકડા રૂપિયા ૫,૦૦૦, એક મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૧૯,૬૪,૨૯૦ નો મુદ્દામાલ રિકવર કર્યો છે.

રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈની આગેવાનીમાં વાપીમાં 'રન ફોર યુનિટી' યોજાઈ

ચલા સર્કલથી સ્વદેશી મેળાના ગ્રાઉન્ડ સુધી દોડ, મનપાનો સ્ટાફ અને કાઉન્સિલરો મોટી સંખ્યામાં જોડાયા





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૧ : સરદાર વલ્લભભાઈ પટેલની જન્મદેશના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી તેમજ અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે વાપી મહાનગરપાલિકા દ્વારા રાષ્ટ્રીય એકતા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈની ગરિમામય ઉપસ્થિતિમાં 'રન ફોર યુનિટી'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રન ફોર યુનિટીમાં મંત્રી કનુભાઈ દેસાઈ સાથે જિલ્લાના પ્રભારી સચિવ રૈમ્યા મોહન, જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાન, વાપી મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર એન.એફ. ચૌધરી, વાપી શહેર સંગઠન પ્રમુખ મનિષ દેસાઈ, શિલ્પેશભાઈ દેસાઈ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉત્સાહભેર જોડાયા હતા.

આ પ્રસંગે મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, આજે સમગ્ર દેશની નજર એકતાનગર પર છે અને આ આપણા સૌ માટે ગર્વનો દિવસ છે. સરદાર વલ્લભભાઈ પટેલે દેશનાં તમામ રજવાડાંઓને એકત્રિત કરી અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું. દેશના સુદૃઢ વહીવટી તંત્ર માટે સનદી અધિકારીઓની વ્યવસ્થાની રચના કરી વિકાસનો પાયો નાખ્યો હતો. આજે ભારત અખંડ રાષ્ટ્ર તરીકે તેજ ગતિથી વિકાસના માર્ગે આગળ વધી રહ્યું છે અને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવાના લક્ષ્ય તરફ પ્રયાણ કરી રહ્યું છે.દરમિયાન વાપીના ચલા-દમણ રોડ પર આવેલા અજિતનગર પ્લે ગ્રાઉન્ડ ખાતે વાપી મહાનગરપાલિકા અને ગુજરાત શહેરી આજીવિકા મિશન દ્વારા આયોજિત સ્વદેશી મેળાની પણ મંત્રી કનુભાઈ દેસાઈએ મુલાકાત લીધી હતી. આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતાનગર ખાતે યોજાયેલી ભવ્ય એકતા પરેડનું જીવંત પ્રસારણ મંત્રી સહિત ઉપસ્થિત નગરજનોએ નિહાળ્યું હતું. રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને સામાજિક સમરસતાના સંકલ્પને જનજન સુધી પહોંચાડવાના હેતુથી વાપી મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ ૧૩ વોર્ડમાં વોર્ડવાઈઝ નિર્ધારિત સ્થળોએ એલઈડી સ્ક્રીનની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેના માધ્યમથી વાપીવાસીઓ એકતા પરેડનું જીવંત પ્રસારણ નિહાળી શકે તેવું આયોજન કરાયું હતું.

અતુલ ગ્રા.પં.ના સફાઈ કર્મીઓ બોનસ મુદ્દે હડતાળ પર ઉતર્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૧ : દિવાળી જેવા મોટા તહેવારના ટાણે જ સરકારી નિયમ મુજબ મળવાપાત્ર પગાર, બોનસ અથવા એડવાન્સ રકમ સમયસર નહિ મળતાં વલસાડ તાલુકાની અતુલ ગ્રામ પંચાયતના સફાઈ કામદારોમાં ભારે રોષ ફેલાયો છે. આર્થિક સંકળામણનો સામનો કરી રહેલા સફાઈ કર્મચારીઓએ પંચાયત પ્રશાસન સામે વિરોધનું બ્યુગલ ફૂંકી ધરણા પ્રદર્શન શરૂ કર્યું છે.

અતુલ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા ગરીબ સફાઈ કર્મચારીઓને પોતાના હકના નાણાં મેળવવા માટે પણ મુશ્કેલી વેઠવી પડી રહી છે. પંચાયત તંત્ર દ્વારા નિયમ અનુસાર ચૂકવવાપાત્ર રકમ તેમજ દિવાળી બોનસ કે એડવાન્સ સમયસર ન ચૂકવાતાં કામદારોની દિવાળી સુધરવાને બદલે બગડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. આર્થિક તંગીથી કંટાળીને એકજૂથ થયેલા સફાઈ કામદારોએ જણાવ્યું છે કે, જ્યાં સુધી તેમની વ્યાજબી માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે અને હકના નાણાં ચૂકવવામાં નહીં આવે, ત્યાં સુધી આ વિરોધ પ્રદર્શન અને ધરણા આંદોલન ચાલુ રહેશે. તહેવારોના સમયે જ સફાઈ કર્મચારીઓ હડતાળ પર ઉતરતાં સમગ્ર પંચાયત વિસ્તારમાં ગંદકી ફેલાવાની અને સફાઈ કામગીરી ખોરવાઈ જવાની ભીતિ સર્જાઈ છે.

DRI માં અટકેલા કન્ટેનર છોડાવવાના બહાને

વલસાડના વેપારી સાથે રૂા. ૪૧ લાખની છેતરપિંડી કરતા ચાર સામે ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૧ : મુંબઈના ન્હાવા શેવા પોર્ટમાં DRI વિભાગ દ્વારા હોલ્ડ કરાયેલા આયાતી માલના કન્ટેનરો કાયદેસર રીતે છોડાવી આપવાની લાલચ આપી વલસાડના એક વેપારી પાસેથી ૪૧ લાખ પડાવી લઈ છેતરપિંડી આચરવાનો કિસ્સો સામે આવ્યો છે. આ મામલે પોલીસે ચાર શખ્સો વિરુદ્ધ ગુનાહિત કાવતરું રચી ઠગાઈ કરવાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વલસાડ તાલુકાના મગોદગામે રહેતા અને ચાઈનાથી ઘર વપરાશની ચીજવસ્તુઓ ઈમ્પોર્ટ-એક્સપોર્ટ કરતા આનંદભાઈ શાહના સ્ટીલ અને પ્લાસ્ટિકના ઘર વપરાશના સામાન ભરેલા ત્રણ કન્ટેનરો બ્યુરો ઓફ ઈન્ડિયા સ્ટાર્ડ (BIS)ના સ્ટેમ્પના અભાવે DRI વિભાગ દ્વારા નવા શેવા પોર્ટ મુંબઈ મહારાષ્ટ્ર માં પર હોલ્ડ કરવામાં આવ્યા હતા.

આ કન્ટેનરો છોડાવવા માટે વલસાડ-ધરમપુર રોડ પર આવેલા એક રિસોર્ટમાં આરોપી ચિંતનભાઈ વસંતભાઈ શાહ તથા કલ્પેશભાઈ શાહ સાથે વેપારીની મુલાકાત ગોઠવવામાં આવી હતી. આરોપીઓએ DRI વિભાગમાં ઓળખાણ હોવાનું અને કાયદેસરની દંડની પ્રક્રિયા પતાવી કન્ટેનરો મુક્ત કરાવી આપવાની ખાતરી આપી હતી. આ કામ પેટે તેમણે વેપારી પાસેથી આંગડિયા મારફતે ટુકડે-ટુકડે રોકડા ૩૧.૫૦ લાખ તથા સ્ટેમ્પ ડ્યુટી પેટે ૯.૫૦ લાખ મેળવી કુલ ૪૧ લાખ પડાવી લીધા હતા. નાણાં મેળવ્યા બાદ પણ લાંબા સમય સુધી કન્ટેનરો ન છૂટતા વેપારીએ ઉઘરાણી શરૂ કરી હતી. આરોપીઓએ રકમ પરત કરવાના બહાને ખોટી બેંક સ્લિપો, ખોટા ટ્રાન્સફર મેસેજો તેમજ ચેકો આપ્યા હતા. જોકે ચેક બેંકમાં રિટર્ન થયા હતા અને ખાતામાં કોઈ રકમ જમા થઈ નહોતી. આખરે પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતાં વેપારીએ ચિંતનભાઈ શાહ રહે.૧૦૩ B શ્રીસૈનટાવર ૧૫૦ ફીટ રોડ પી દમાવંતી નગર થાણે ભાયંદર (પૂર્વ) મહારાષ્ટ્ર કલ્પેશભાઈ શાહ રહે..વૈભવ હોરાઈઝન ગિલ્પ હોટેલ એરપોર્ટ નજીક ટી એરિયા ભાયંદર (પૂર્વ) મહારાષ્ટ્ર, વિશ્વજીતસિંહ ગોહિલ રહે.ભાવનગર સહિતના સંડોવાયેલા શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ગાડરિયામાં પરણિતાની આત્મહત્યા પ્રકરણમાં સાસરિયા સામે દુષ્પ્રેરણનો ગુનો દાખલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૧ : વલસાડ તાલુકાના ગાડરિયા ગામે સાસરિયાંના ત્રાસથી કંટાળીને ૨૪ વર્ષીય પરિણીતાએ પોતાના બેડરૂમમાં લોખંડના એંગલ સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં ચકચાર મચી ગઈ છે. આ મામલે મૃતકના પિતાએ વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનમાં પતિ અને સસરા વિરુદ્ધ શારીરિક-માનસિક ત્રાસ ગુજારી આત્મહત્યા કરવા મજબૂર કરવાનો ગુનો નોંધાવ્યો છે. વલસાડના ધમડાચી ગામના વતની મિથનભાઈ બાબુભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેમની ૨૪ વર્ષીય દીકરી મેઘનાના લગ્ન તા. ૨૭ માર્ચ ૨૦૨૪ના રોજ સામાજિક રીતરિવાજ મુજબ વલસાડના ગાડરિયા ગામના દાદરી ફળિયામાં રહેતા જીગરકુમાર મહેશભાઈ પટેલ સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેઓને ૭-૧૫ માસની એક દીકરી પણ છે. લગ્નના બે મહિના બાદથી જ પતિ જીગરકુમાર પત્ની મેઘનાના ચારિત્ર્ય ઉપર ખોટી શંકા રાખીને વારંવાર બોલાચાલી તેમજ ઝઘડો કરી મારઝૂડ કરતો હતો. મેઘના બ્યુટી પાર્લરનું કામ કરતી હોવાથી અને તેના નાણાં પોતાના મોબાઈલમાં જમા કરાવતી હોવા છતાં પતિ વહેમ રાખી ત્રાસ આપતો હતો. આ ઉપરાંત સસરા મહેશભાઈ પ્રેમાભાઈ પટેલ પણ નજીવી બાબતોમાં ખોટી ટોકટોક કરી મેઘનાને હેરાન-પરેશાન કરવા માટે પુત્રની ચડામણી કરતા હતા. સાસરિયાંના આ પ્રકારના વ્યવહારથી કંટાળીને અગાઉ મેઘનાએ રેલવે ટ્રેક પર જઈ આપઘાત કરવાનો પ્રયાસ પણ કર્યો હતો, જોકે તે સમયે પરિવારજનોએ સમજાવીને મામલો થાળે પાડ્યો હતો. દરમિયાન, ગત ૨૮ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ રાત્રે ૧૦:૦૦ થી ૧૦:૪૫ વાગ્યાના સુમારે સાસરિયાંના સતત ત્રાસ અને દુષ્પ્રેરણથી કંટાળી જઈ મેઘનાએ પોતાના રૂમમાં લોખંડના એંગલ સાથે કપડું બાંધી ગળે ફાંસો લગાવી જીવન ટૂંકાવી લીધું હતું. આ બનાવ સંદર્ભે મૃતકના પિતાની ફરિયાદના આધારે વલસાડ રૂરલ પોલીસે પતિ જીગરકુમાર પટેલ તથા સસરા મહેશભાઈ પટેલ વિરુદ્ધ વલસાડ રૂરલ પોલીસ મથકમાં ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

વાપીમાં વોર્ડ વાઈઝ સફાઈ કોન્ટ્રાક્ટ શરૂ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૦૧ : વાપી મહાનગરપાલિકા દ્વારા આજથી એટલે કે ૧ નવેમ્બર ૨૦૨૬ થી વોર્ડ વાઈઝ સફાઈ કોન્ટ્રાક્ટનો અમલ શરૂ કરવામાં આવ્યો છે, જેનાથી નગરજનોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે.

અગાઉ પૂર્વ અને પશ્ચિમ વિસ્તાર માટે ત્રણ એજન્સીઓને અપાયેલો કોન્ટ્રાક્ટ સંતોષકારક ન જણાતા મનપા કાઉન્સિલરોની સંમતિથી કમિશનર અને આરોગ્ય સમિતિ સાથે ચર્ચા બાદ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, મેયર અને ડેપ્યુટી મેયર દ્વારા વોર્ડ વાઈઝ અલગ સફાઈ કોન્ટ્રાક્ટ આપવાનો નિર્ણય લેવાયો હતો. તે અંતર્ગત ટેન્ડર મંગાવી મંજૂર કરવામાં આવ્યા હતા. જોકે આજે પ્રથમ દિવસે રવિવાર હોવાથી અને નવી વ્યવસ્થા હોવાથી કેટલાક વોર્ડમાં ક્યાંક સફાઈનો અભાવ જોવા મળ્યો હતો. આ અંગે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતીશ પટેલ અને આરોગ્ય સમિતિના ચેરમેન સંદીપ પટેલે જણાવ્યું હતું કે, પ્રથમ દિવસે નાની ખામી રહી ગઈ છે, પરંતુ કાલથી એટલે કે સોમવાર, ૨ નવેમ્બરથી તમામ વોર્ડમાં સફાઈ બાબતે ચોકસાઈપૂર્વક ધ્યાન આપવામાં આવશે.

તેમણે ઉમેર્યું હતું કે દરેક વોર્ડમાં એજન્સીઓને કડક સૂચના આપવામાં આવી છે અને નિયમિત મોનિટરિંગ કરવામાં આવશે, જેથી વાપીના તમામ વોર્ડ ચોખ્ખા અને સ્વચ્છ દેખાય.

દમણગંગા ટાઈમ્સમાં
શ્રદ્ધાંજલિ અને બેસણું
તમારા આત્મીયજનોના શોક સંદેશ તથા શ્રદ્ધાંજલિ અર્પણ કરવું એકદમ સરળ
નીચે દર્શાવેલ નંબર પર તમારી મેટર વોટસએપ કરો
ઓફિસ : ૯૮૨૫૧ ૨૨૫૦૫
સાઈઝ: ૫ X ૨(૧૦ સીસી) | કિંમત: રૂા. ૩૫૦ /- (ફિક્સ) વધારાના પ્રતિ સીસી રૂા. ૬૦/-



CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential
VIDYA DHAM INTERNATIONAL SCHOOL • VAPI • LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
% Early Bird Discount Till 31st March
FREE Textbooks From Nursery to Std 10
Special Concession On Admission Fees
Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10
Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

નેમિનાથ ટ્રેડર્સ
ખીલા | વાયર | વેલ્ડમેસ
ખીલી | હુક | જાળી | નટબોલ્ટ
ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 /
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

OWNER : Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**